નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765




સ્માર્ટ મીટર હાલ પોસ્ટ પેઈડ, પછી પ્રિ - પેઈડમાં કન્વર્ટ થશે

જુઓ પેજ નં.૫

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :27 FEBRUARY 2025 | THURSDAY | Page :8 | Year : 2 | Issue :278 | Price: 2/-

# મહાકુંભનું સમાપન



## અનેક રેકોર્ડ તૂટ્યાઃ આજે કર્મચારીઓનો આભાર પ્રગટ કરશે યોગી

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભનું બુધવારે સમાપન થયું હતું. મહાકુંભના ૪૫માં અને અંતિમ દિવસે સવા કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ મહાશિવરાત્રીના અને આ મહાકુંભના અંતિમ સ્નાન માટે સંગમમાં ડુબકી લગાવી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે ૪૫ દિવસના આ મહાકુંભમાં અત્યાર સુધીમાં કુલ ૬૬.૨૧ કરોડ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું હતું. જ્યારે અંતિમ દિવસે આશરે ૧.૪૪ કરોડ શ્રદ્ધાળુઓએ ડુબકી લગાવી હતી.

૧૩ જાન્યુઆરીએ પ્રયાગરાજમાં આ મહાકુંભનો પ્રારંભ થયો હતો, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ટ્વીટ કરીને કહ્યું હતું કે વિશ્વ ઇતિહાસમાં આ અભૂતપૂર્વ અવિસ્મરણીય છે, પૂજ્ય અખાડાં, સાધુ-સંતો, મહામંડલેશ્વરો તેમજ ધર્માચાર્યોના આશીર્વાદનું જ આ ફળ છે કે સમરસતાનો આ મહાકુંભ વિશ્વને એકતાનો સંદેશો આપી રહ્યો છે. ઉત્તર પ્રદેશ સરકારના આંકડા મુજબ બુધવારે અંતિમ દિવસે સાંજે છ વાગ્યા સુધીમાં ૧.૪૪ કરોડ શ્રદ્ધાળુઓએ સંગમમાં ડુબકી લગાવી હતી. જ્યારે ૪૫ દિવસમાં કુલ ૬૬.૨૧ કરોડ શ્રદ્ધાળુઓએ મહાકુંભમાં ભાગ લીધો છે જે ભારત અને ચીનને બાદ કરતા મોટાભાગના દેશોની વસતી કરતા પણ વધુ છે.

પ્રયાગરાજ જવા માટે રેલવે દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હતી, શ્રદ્ધાળુઓએ તેનો ભરપુર લાભ લીધો, છેલ્લા ૪૦ દિવસમાં ૧૪ હજારથી વધુ ટ્રેનોની મદદ લેવામાં આવી, મહાકુંભની શરૂઆતથી લઈને અત્યાર સુધી કુલ ૧૩,૬૬૭ ટ્રેનો શ્રદ્ધાળુઓને લઈને પ્રયાગરાજ અને તેની આસપાસના સ્ટેશનોએ લઈને પહોંચી હતી. માત્ર પ્રયાગરાજ સ્ટેશન પર જ શ્રદ્ધાળુઓને પાંચ હજાર ટ્રેનોનો લાભ મળ્યો હતો. જ્યારે આ મહાકુંભથી ઉત્તર પ્રદેશને આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાની રેવન્યૂ મળશે તેવો અંદાજ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લગાવ્યો હતો.

જોકે નિષ્ણાતોના મતે બે લાખ કરોડથી વધુનો લાભ રાજ્ય સરકારને મળ્યો છે. રાજ્ય સરકારે આશરે સાતથી આઠ હજાર કરોડ રૂપિયા કુંભના આયોજન માટે ફાળવ્યા હતા. મૌની અમાસના શાહી સ્નાન દરમિયાન મહાકુંભમાં નાસભાગ પણ થઇ હતી જેમાં ૩૦થી વધુ લોકો માર્યા ગયા હતા, જ્યારે ત્રણથી ચાર વખત આગ લાગવાની ઘટના પણ સામે આવી હતી જોકે તેમાં કોઇ જાનહાની નહોતી થઈ. શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે મહાકુંભમાં આશરે ૫૦ હજારથી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરાયા હતા જેમાં ૩૭ હજાર રાજ્યની પોલીસ અને ૧૪ હજાર હોમગાર્ડના જવાનોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ શ્રદ્ધાળુઓ, સંતો અને આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સૈન્યના વાહન પર મોટો આતંકી હુમલો, હુમલાખોરો જંગલમાં ફરાર



જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સેનાની ગાડી પર હુમલો થયો છે. આતંકવાદીઓએ સૈન્યના વાહન પર ગોળીબાર કર્યો હતો. બપોરે લગભગ એક વાગ્યાની આસપાસ આતંકવાદીઓએ સૈન્યના વાહન પર એકથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

શંકાસ્પદ આતંકવાદીઓએ ગાઢ જંગલમાંથી સેનાની ગાડી પર ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. હુમલાખોરો જંગલમાં છુપાયા હોવાની આશંકા છે. સુંદરબનીમાં સીઆરપીએફ બટાલિયનના હેડક્વાર્ટરથી આશરે પાંચ-છ કિમી દૂર આ ઘટના બની હતી.અગાઉ સાત ફેબ્રુઆરીએ ભારતીય સેનાએ સાત પાકિસ્તાની ઘૂસણખોરોને ઠાર માર્યા હતાં. તેમાં ત્રણ પાકિસ્તાની સૈનિકો હતાં. જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં ૧૧ ફેબ્રુઆરીએ એક આતંકી હુમલામાં સેનાના કેપ્ટન સહિત બે જવાન શહીદ થયા હતાં. ભારતીય સેનાએ જણાવ્યું હતું કે એલઓસીની પાસે અખનૂર સેક્ટરમાં થયેલા આઇઇડી બ્લાસ્ટમાં ત્રણ સૈનિકો ઘાયલ થયા હતાં. જેમાંથી બે જવાનોના સારવાર દરમિયાન મોત થયા હતાં.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ટ્રેડવોર વધુ તીવ્ર બનશે



અમેરિકા અને ચીન વચ્ચેની ટ્રેડવોર વધુ તીવ્ર બનવાના સંકેત મળી રહ્યા છે. બેઉ બળીયા બાથે વળગ્યા જેવી આ વાત છે. અમેરિકા અને ચીન બંને ખમતીધર દેશો છે. વિશ્વના દરેક દેશો આ બંને વચ્ચેની ટ્રેડ વોર પર નજર રાખી રહ્યા છે. ભારત પણ પોતાની ટ્રેડ વ્યૂહરચના આગળ વધારી રહ્યું છે. વિશ્વના બે સૌથી મોટાં આર્થિક તંત્રો એકબીજાના માલસામાન પર ટેરિફની તલવાર વીંઝી રહ્યાં છે.

ટ્રમ્પના વહિવટી તંત્રે ચીનથી મંગાવાતા માલસામાન પર ૧૦ ટકા ડ્યૂટી લાદી છે, તો ચીને અમેરિકાથી આવતા માલ સામાન પર ૧૫ ટકા ડયુટી લાદી છે. ખાસ કરીને અમેરિકાથી આવતા લિક્વિડ નેચરલ ગેસ (ફ્ગ્ત્ર્) અને કોલસા પર વધુ ડયુટી લાદી છે. અમેરિકાથી આવતા ફાર્મ ઈક્વિપમેન્ટ અને કેટલાંક ઓટોમોબાઇલ્સ પર પણ ચીને ડ્યૂટી નાખી છે.ટ્રમ્પે લાદેલી ટેરિફ પાછળ 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'નો કોન્સેપ્ટ કામ કરી રહ્યો છે, જ્યારે ચીન અમેરિકાને હંફાવવા ડયુટી લાદી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર કહી રહ્યા છે કે અનેક દેશો અમેરિકાને ખોટમાં ધકેલતા આવ્યા છે. ટેરિફ વોર અંગે તો ટ્રમ્પ ચૂંટાયા નહોતા ત્યારથી કહી રહ્યા હતા અને સત્તા સંભાળ્યા બાદ તો તેઓ પોતાના દેશમાં માલ મોકલતા દેશોને નાકે દમ લાવી રહ્યા છે. ટ્રમ્પે જેવા સાથે તેવાની નીતિ અપનાવી છે. ટ્રમ્પનો આશય એ છે કે વિદેશની કંપનીઓ અમેરિકામાં રોકાણ કરે અને ઉત્પાદનનાં એકમો પણ ઊભાં કરે. ટ્રમ્પની વ્યૂહરચનામાં અમેરિકા માલ મોકલતા તમામ દેશો વત્તેઓછે અંશે ફસાયેલા છે.

ટ્રમ્પ માને છે કે અમેરિકામાં રોજગારી વધારવા માટે પણ વિદેશની કંપનીઓ ઉત્પાદન કરતાં એકમો અમેરિકામાં ઊભાં કરે તે જરૂરી છે. ૨૦૧૭માં ટ્રમ્પ તેમની પહેલી ટર્મમાં પ્રમુખ બન્યા ત્યારે ૧૧૬ દેશો સાથે અમેરિકાની વેપાર ખાધ બોલતી હતી. ટ્રમ્પ બીજી વખત પ્રેસિડન્ટ બન્યા ત્યારે ૩૦૦ અબજ અમેરિકી ડોલર જેટલી સૌથી મોટી વેપાર ખાધ ચીન સાથે હતી, મેક્સિકો સાથે ૨૦૦ અબજ ડોલરની અને ભારત સાથે ૪૦ અબજ ડોલરની ખાધ હતી. ૨૦૨૦ના વર્ષમાં ચીનની સામે ટેરિફ જાહેર કરાયું હોવા છતાં તે ખાધમાં કોઇ ફર્ક પડયો નહોતો. ઊલટાની, ખાધ વધે જતી હતી.અમેરિકાના પ્રમુખ પદે બરાક ઓબામાં હતા ત્યારે, એટલે કે ૨૦૦૯થી ૨૦૧૬ વચ્ચે, ચીન સાથેની વેપાર ખાધ ૩૧૧ અબજ ડોલરની હતી. ટ્રમ્પની પહેલી ટર્મ (૨૦૧૭થી ૨૦૨૦) દરમિયાન તે ૩૬૧ અબજ ડોલર સુધી પહોંચી ગઇ હતી. બાઇડન પ્રમુખ પદે આવ્યા ત્યારે ચીન સાથેની વેપાર ખાધ થોડી ઘટીને ૩૨૭ અબજ ડોલર પર આવી ગઇ હતી. આનો અર્થ એ થયો કે ચીનનો માલ બહુ મોટા પ્રમાણમાં અમેરિકામાં વેચાતો હતો, જ્યારે અમેરિકામાં ચીનનો માલ ઓછો વેચાતો હતો. કમનસીબી તો એ હતી કે ચીન અમેરિકાની ચીજો પર આધારિત નહોતું, પરંતુ અમેરિકા ચીનનું ડિપેન્ડન્ટ બની ગયું હતું. ૨૦૦૯થી ૨૦૨૪ દરમ્યાન ચીનનો જીડીપી કમ્પાઉન્ડ એન્યુલ ગ્રેથ રેટ (ઈઅ્રૠ) ૯.૦૧ ટકા હતો. આર્થિક સ્થિતિની દ્રષ્ટિએ અમેરિકાના અર્થતંત્રનું કદ ૨૯.૧૬ ટ્રિલિયન ડોલરનું છે, જ્યારે ચીનનું અર્થતંત્ર ૧૮.૨૭ ટ્રિલિયન ડોલરનું છે. ટ્રમ્પ માને છે કે અમેરિકામાં રોજગારી વધારવા માટે પણ વિદેશની કંપનીઓ ઉત્પાદન માટે અમેરિકા પાસે આવે તે જરૂરી છે. રેસિપ્રોકલ ટેરિફ નાખવાનું પગલું અમેરિકનોએ વખાણ્યું છે. ટેરિફના મુદ્દાને જાહેરમાં ચર્ચા કરીને ટ્રમ્પ લોકોને સમજાવવા માગે છે કે અમારી પ્રોડક્ટ પર વધુ ડયુટી લાદનારાઓના માલ પણ અમે પણ સામી ડયુટી લાદીશું. ટ્રમ્પ ભારતના વડાપ્રધાનને પોતાના 'બેસ્ટ ફ્રેન્ડ' ગણાવે છે, પરંતુ જ્યારે બિઝનેસની વાત આવે છે ત્યારે એ ભારતને પણ છોડવા તૈયાર નથી. વિશ્વની મહાસત્તાઓએ ટ્રેડ વોર ઊભી કરીને વિશ્વની બજારોને ડામાડોળ કરી દીધા છે.

# કેજરીવાલ રાજયસભાના સાંસદ બનવાની તૈયારીમાં

**પંજાબમાં ધારાસભાની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ રાજયસભાના સાંસદ સંજીવ અરોરાને મેદાનમાં ઉતાર્યા**



નવી દિલ્હીઃ ઉતરપ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં પણ પરાજીત થનારા દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હવે સાંસદ બનવાની તૈયારી કરી રહ્યા છે. પંજાબમાં લુધીયાણા વેસ્ટ ધારાસભા બેઠકની પેટાચૂંટણી યોજાનાર છે જેમાં ઉમેદવારી તરીકે આમ આદમી પાર્ટીએ પ્રતાપસિંહ બાજવાની નિયુક્તિ કરી છે. જેઓ રાજયસભાના સાંસદ છે અને તેઓ ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા બાદ રાજયસભામાંથી રાજીનામુ આપશે અને તેના સ્થાને અરવિંદ કેજરીવાલ પંજાબમાંથી રાજયસભામાં ચુંટાઈ તેવા સંકેત છે.'આપ'ના ધારાસભ્યના નિધનથી આ બેઠક ખાલી પડી છે અને તેથી કેજરીવાલને રાજયસભામાં મોકલવા માટે 'આપ'ના રાજયસભાના સાંસદને ધારાસભા ચુંટણી લડવા જણાવાયુ છે. એક તબકકે ખુદ કેજરીવાલ પંજાબની ધારાસભાની પેટાચૂંટણી લડે તેવી ચર્ચા હતી પરંતુ તેનાથી ખોટો સંદેશ જશે તેવી શકયતા દર્શાવાતા જ કેજરીવાલે હવે રાજયસભાનો માર્ગ પસંદ કર્યો છે અને આ રીતે તેઓ સાંસદ બનીને રાજયસભામાં બેસશે.

# પાંચ રાષ્ટ્રીયકૃત બેન્કોની ૨૦% શેરમૂડી વેચશે સરકાર

**ચાર વર્ષમાં આઈપીઓ સહિતના માર્ગે શેર વેચાશેઃ બેન્ક ઓફ મહારાષ્ટ્ર સહિતની બેન્કોનો સમાવેશ**




નવી દિલ્હીઃ સરકાર હવે પાંચ મોટી રાષ્ટ્રીયકૃત બેન્કોમાં ૨૦% શેરમૂડી વેચવાની યોજના તૈયાર કરવા નિર્ણય લીધો છે. ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લીક એસેટસ મેનેજમેન્ટ અને ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સીયલ સર્વિસ અને બેન્કના બોર્ડ ઓફ ડિરેકટર સાથે રહીને આ યોજના અમલમાં મુકશે.

સરકાર આઈપીઓ અને કવોલીફાઈડ ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટર બન્ને માર્ગે આ શેર ઓફર કરશે. જેમાં બેન્ક ઓફ મહારાષ્ટ્ર (હાલ સરકારી હોલ્ડીંગ ૮૬.૪૬%, ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક (૯૬.૩૮%) યુકો બેન્ક (૯૫.૩૯%) સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા (૯૩.૦૮%) અને પંજાબ એન્ડ સિંધ બેન્ક (૯૮.૨૫%) માંથી ૨૦% શેરમૂડી વેચશે.

સેબી દ્વારા લીસ્ટેડ કંપનીના ૨૫% શેરમૂડી ફ્રી ફલોટમાં હોય તે નિયમનો અમલ સરકારી બેન્કોને પણ લાગુ પડશે. બે બેન્કો બેન્ક ઓફ મહારાષ્ટ્રના રૂ.૩૫૦૦ કરોડ અને પંજાબ નેશનલ બેન્કના રૂ.૫૦૦૦ કરોડના આઈપીઓ આવી શકે છે અને આ ડિસઈન્વેસ્ટમેન્ટ પ્લાન આગામી ચાર વર્ષમાં અમલી બનાવાશે. કેન્દ્ર સરકારે આ માટે રોડમેપ બનાવી રહી છે.

# ૩૧ માર્ચે કલોઝીંગ હોવાથી નિર્ણય બેંકોમાં ઈદની રજા રદ્

રાજકોટ તા.૨૬

આગામી માર્ચ મહિનામાં ધૂળેટી જેવા તહેવારની રજા આવવાની છે. ત્યારે રીઝર્વ બેન્ક દ્વારા ૩૧ માર્ચની રજા રદ કરી દેવામાં આવી છે. માર્ચ મહિનામાં પાંચ રવિવાર તથા બે ચોથા શનિવારની બેંક રજા રહેશે.૧૪ માર્ચે દેશભરની બેંકોમાં ધૂળેટી પર્વની રજા રહેવાની છે.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના કેલેન્ડરમાં ૩૧ માર્ચ ઈદની રજા જાહેર કરવામાં આવી હતી. પરંતુ તાજેતરમાં નોટીફીકેશન જારી કરીને તે રજા રદ કરી નાખવામાં આવી છે. ૩૧ માર્ચે નાણાંકીય વર્ષનો છેલ્લો દિવસ-કલોઝીંગ હોવાના કારણોસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૧લી એપ્રિલથી ન્યુ નાણાંકીય વર્ષ શરૂ થાય છે તે પૂર્વે ૩૧ માર્ચે બેંકોએ બુક કલોઝ કરવાની હોય છે.ઉપરાંત નાણાંકીય વ્યવહાર પણ વધુ રહેતા હોય છે. રજાના સંજોગોમાં તે શકય ન બને એટલે ૩૧ માર્ચની રજા રદ કરવામાં આવી છે


# વડાપ્રધાન મોદી રશિયા જશે : તા. ૯મેની મોસ્કોની વિકટરી ડે પરેડમાં હાજરી આપશે

### ચાલુ માસમાં જ ડોનાલ્ડ ટ્રમ્પને મળી આવ્યા બાદ વડાપ્રધાન ટુંકાગાળામાં જ રશિયાના પ્રમુખ પુતિનને પણ મળશે

નવી દિલ્હી, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મે માસમાં રશિયાના પ્રવાસે જશે. મોદી તા. ૯ મેના રોજ મોસ્કોમાં યોજાનારી આ દેશની વિશ્વ યુદ્ધના વિજયની ૮૦મી જયંતિ નિમિતે યોજાનારા વિકટરી ડે પરેડમાં મુખ્ય અતિથિ બનશે. મોસ્કોના રેડ સ્કવેર પર આ પ્રકારે દર વર્ષે પરેડ યોજાઇ છે.રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આમંત્રણથી વડાપ્રધાન રશિયા જઇ રહ્યા છે. ખાસ કરીને અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શાસનમાં જે રીતે વૈશ્વિક પરીબળો બદલી રહ્યા છે અને રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સમાપ્તિ માટે રશિયા અને અમેરિકા વાટાઘાટ કરી રહ્યા છે.

તે સંદર્ભમાં વડાપ્રધાનની આ મુલાકાત બની જશે. મોદી આ માસમાં જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને વોશિંગ્ટનમાં મળી આવ્યા તે બાદ ટ્રમ્પે ભારત સામેના તેના



વલણમાં કોઇ ફેરફાર કર્યો નથી અને ભારત પર આકરા ટેરીફ લાદવાની પણ ચેતવણી આપી છે અને રશિયા કરતા અમેરિકા પાસેથી વધુ ક્રુડ તેલ ખરીદવા માટે પણ ટ્રમ્પ દબાણ લાવી રહ્યા છે, તે સંદર્ભમાં વડાપ્રધાનની રશિયા યાત્રા મહત્વની બની જશે. એક જ વર્ષના પ્રથમ છ માસમાં જ વિશ્વના બે ટોચના રાષ્ટ્રવડા ઉપરાંત ફ્રાન્સના રાષ્ટ્રપતિને મળનાર મોદી પોતાની ડિપ્લોમસીને કેટલું મહત્વ આપે છે તે પણ નિશ્ચિત થઇ ગયું છે.

મોસ્કો વિકટરી ડે પરેડ એ રશિયન સૈન્યની સૌથી મોટી પરેડ ગણાય છે. ૧૯૪૫માં હિટલરની નાઝી સેનાને રશિયાએ (તે સમયના સોવિયેટ સંઘ) પરાજીત કરી હતી અને બીજા વિશ્વ યુદ્ધનો અંત લાવ્યો હતો તેને રશિયા દર વર્ષે સૌથી મોટી સૈન્ય પરેડ મારફત ઉજવણી કરે છે.

## બિહારમાં ભાજપનું વર્ચસ્વ વધ્યું, નીતિશ કેબિનેટમાં સાત નવા મંત્રીએ લીધા શપથ



બિહારમાં ચૂંટણી પહેલા નીતિશ કુમાર કેબિનેટનું આજે વિસ્તરણ કરવામાં આવ્યું છે. રાજ્યપાલની હાજરીમાં બિહાર સરકારના નવા સાત મંત્રીઓએ મંત્રીપદ અને ગોપનીયતાના શપથ લીધા છે. નવા તમામ મંત્રીઓ ભાજપના ધારાસભ્યો હોવાથી બિહારમાં ભાજપનો દબદબો વધ્યો છે.રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને વારાફરતી તમામ મંત્રીઓને મંત્રી પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. સમારોહમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર સહિત ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી તથા વિજયકુમાર સિંહા સહિત દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતાં. ભાજપ ધારાસભ્ય વિજયકુમાર મંડલે મંત્રી પદે શપથ ગ્રહણ કર્યા છે. તેઓએ ૨૦૧૫ અને ૨૦૨૦માં ભાજપની ટિકિટ પર ચૂંટણી જીતી હતી. બિહારમાં નીતિશ કુમારના નેતૃત્વવાળી સરકારના મંત્રીમંડળ વિસ્તરણ અંગે ચિત્ર લગભગ સ્પષ્ટ થવાની સાથે કેબિનેટ વિસ્તરણ પહેલા જ દિલીપ જયસ્વાલે મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે.

આ પણ વાંચોઃ બિહારમાં નીતિશ કેબિનેટના વિસ્તરણ પહેલાં ભાજપના દિગ્ગજ નેતાનું મંત્રીપદેથી રાજીનામું

લોકસભા ચૂંટણીમાં ભાજપે નીતિશ કુમારની માગનો સ્વીકાર કર્યો હતો. તેમજ બજેટ ૨૦૨૫માં પણ બિહાર માટે દિલ ખોલીને લ્હાણી કરી હતી. ભાજપે નિતિશને મોટા ભાઈ તરીકેનું સન્માન આપતાં નીતિશે પણ મોટું દિલ રાખતાં વિધાનસભા ચૂંટણીના થોડા મહિના પહેલાં જ કેબિનેટ વિસ્તરણની જાહેરાત કરી હતી. જેમાં ભાજપના ધારાસભ્યોને સ્થાન આપ્યું.

દરભંગા જિલ્લાના જાલેમાંથી ભાજપ ધારાસભ્ય જીવેશ મિશ્રા બીજી વખત નીતિશ સરકારમાં મંત્રી બન્યા છે. તેઓએ મૈથિલી ભાષામાં પદ અને ગોપનીયતાના શપથ લીધા હતી. તદુપરાંત મુઝફ્ફરપુર જિલ્લાના સાહેબગંજમાંથી ભાજપ ધારાસભ્ય રાજુકુમાર સિંહે પણ શપથ ગ્રહણ કર્યા હતાં.

## TDS/TCS ડિફોલ્ટર સામે દેશવ્યાપી કાર્યવાહી થશે




નવી દિલ્હી આવકવેરા વિભાગ માટે વિવિધ સ્ત્રોતથી મળતા નાણાકીય ડેટા એ તેનું સૌથી મોટું શસ્ત્ર બની ગયુ છે અને આ ડેટા વિશ્લેષણના આધારે આગામી દિવસોમાં ટેક્ષ ડીડકશન એટ સોર્સ (ટીડીએસ) તથા ટેક્ષ કલેકશન એટ સોર્સ (ટીસીએસ) ડિફોલ્ટર સામે દેશવ્યાપી ઓપરેશન શરૂ કરશે.

ધ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસ દ્વારા આ અંગે ૧૬ મુદાનો એક એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આવકવેરા વિભાગ દ્વારા અલગ અલગ સ્ત્રોતથી જે ડેટા મળ્યા તેમાં અનેક પેમેન્ટમાં નિયમ મુજબ ટીડીએસ ફસાયો નથી અથવા જેઓનો ટીડીએસ કપાયો છે.

તે સરકારમાં જમા કરવામાં આવ્યો નથી. આ જ પ્રકારે ટીસીએસમાં પણ થયુ છે. આવકવેરા વિભાગે આ પ્રકારે ડિફોલ્ટરની યાદી તૈયાર કરી છે. અનેક કેસમાં આવકવેરાની કલાકોનું ખોટું અર્થઘટન કરીને ટીડીએસ કાપવામાં આવ્યો નથી તેવા કેસમાં અધિકારીઓ કાર્યવાહી કરશે.

જેઓએ પોતાના રીટર્નમાં ટીડીએસ કપાત તેની કરવેરા જવાબદારીમાંથી બાદ માંગી છે. તેઓનો જે કપાત સ્ત્રોત છે તેઓએ આ રકમ સરકારમાં જમા કરાવી નથી તેથી તેમના રીફંડ પણ અટકયા છે જેમાં પણ હવે કાર્યવાહી થશે.

નવા નાણાંકીય વર્ષથી નવા જંત્રીદર લાગુ થશે?

# રાજકોટમાં જંત્રી વાંધા નિકાલની પ્રક્રિયા શરૂ : શનિવારે પ્રથમ હિયરીંગ

## રાજકોટ જીલ્લામાં ૮૫૦ જેટલા જંત્રી વાંધા; શહેરના ૧૯૩ : કમીટી વાંધા રજુઆતો સાંભળીને સરકારને અભિપ્રાય મોકલી દેશે



રાજકોટ તા.૨૬

રાજય સરકાર દ્વારા નવા નાણાંકીય વર્ષથી નવા જંત્રીદર લાગુ કરવા માટે તૈયારીઓ શરૂ કરી છે. આ પુર્વે રાજકોટમાં જંત્રી વાંધા નિકાલની પ્રક્રિયા આરંભી દેવામાં આવેલ છે. જેમાં જીલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૧ ને શનિવારે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કમીટીની પ્રથમ બેઠક આયોજીત કરવામાં આવેલ છે.

કલેકટર કચેરીનાં સુત્રોના જણાવ્યા મુજબ સુચીત નવા જંત્રીદર સામે ૮૫૦ જેટલી વાંધા અરજીઓ વહીવટીતંત્ર સમક્ષ સબમીટ થવા પામી છે.જેમાં શહેરની ૧૯૩ જેટલી વાંધા અરજીઓનો સમાવેશ થાય છે.

નવ જંત્રીદર સામે રાજકોટ જીલ્લામાંથી વધુ વાંધા અરજીઓ આવેલ હોય આગામી શનિવારે કલેકટર કચેરી ખાતે યોજાનારી પ્રથમ તબકકાની બેઠકમાં જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલી નવા જંત્રીદર સામેની વાંધા અરજીઓની સુનાવણી હાથ ધરી આ ખાસ કમીટી રાજય સરકારને રિમાર્કસ સાથે અભિપ્રાય મોકલશે.ત્યારબાદ આ અંગેનો અંતિમ નિર્ણય રાજય સરકાર દ્વારા લેવાશે.

રાજકોટમાં સુચીત નવા જંત્રીદરના વિરોધમાં વાંધા અરજીઓ રજુ થવાની સાથે શહેરના કેટલાંક વિસ્તારોમાંથી જંત્રીદર વધારાની માંગણી સાથે પણ કલેકટર તંત્ર સમક્ષ રજુઆતો થવા પામેલ છે.કલેકટર તંત્ર દ્વારા જંત્રી વાંધા નિકાલની પ્રક્રિયા હાથ પર લેવાતા આ અંગે તા.૧ ને શનિવારે પ્રથમ હિયરીંગ બેઠક યોજવામાં આવી છે.

અહી એ ઉલેખનીય છે કે, રાજય સરકારનાં સુચિત નવા જંત્રીદર સામે અગાઉ રાજકોટ સહિત રાજયભરમાંથી જબ્બર વિરોધ ઉઠયો હતો જેમાં બિલ્ડર એસો.અને ક્રેડાઈ દ્વારા ૨૦૦ થી ૨૦૦૦ ટકાનો જંત્રીમાં વધારો ઝીંકાયાનું જણાવી આ મામલે રાજયના દરેક કલેકટરની સાથે રાજય સરકારને રજુઆત કરી હતી.

જેમાં સુચિત નવા જંત્રી દરમાં અનેક ટેકનીકલ ક્ષતિ અને વિસંગતતા રહેલી હોવાનું જણાવાયું હતું. આ નવા જંત્રીદરનાં વધારાની અસર ગરીબ અને સામાન્ય નાગરીકો દ્વારા ખરીદ કરવામાં આવતા ફલેટ અને ટેનામેન્ટની કિંમત પર સીધી પડનાર હોય મકાનની કિંમતમાં ઉછાળો આવવાની શકયતા છે.

આ સુચિત નવા જંત્રી દર સામે ઉઠેલા જબ્બર વિરોધ બાદ રાજય સરકાર દ્વારા રાજકોટ સહીત રાજયભરમાં વાંધા અરજીઓ સ્વીકારવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં રાજકોટ શહેર-જીલ્લામાંથી ૮૫૦ જેટલી સુચિત નવા જંત્રી દર સામેથી વાંધા અરજીઓ ઓનલાઈન અને ઓફલાઈન વહીવટીતંત્રમા સબમીટ થવા પામી છે. જેના નિકાલ માટે વહીવટી દ્વારા હવે પ્રક્રિયા આરંભી દેવામાં આવી છે.

## રાજકોટના ગુજસીટોકનાં ગુનામાં એક વર્ષથી ફરાર શખ્સ માલેગાંવ મહારાષ્ટ્રથી ઝડપાયો

રાજકોટઃ રાજકોટના ગુજસીટોકનાં ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને શહેર ક્રાઇમ બ્રાંચે ઝડપી લઈ ડીસીબી પોલીસને હવાલે કરેલ છે.રાજકોટ શહેરમાં આર્મ્સ એકટ, ખુનની કોશીશ, મકાન સળગાવી નાખતા જેવા ગુનામાં ગેંગના ૧૦ સભ્યો વિરૂદ્ધ શહેર ડીસીબીએ ગુજસીટોકનો ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર રાજુ સવસીંગ બારીયા રે.છરછોડા તા.ગરબાડા જિ.દાહોદને શહેર ક્રાઇમ બ્રાંચના હે.કોન્સ. અમીત અગ્રાવત, સંજયભાઈ રૂપાપરા, પ્રદીપસિંહ જાડેજાએ માલેગાંવ મહારાષ્ટ્ર ખાતેથી પકડી કાર્યવાહી હાથ ધરી છે.ઝડપાયેલ આરોપી રાજુ બારીયા વિરૂદ્ધ રાજકોટ, ભરૂચ, ખંભાત, અમદાવાદ, દાહોદ, ગાંધીનગર, હિંમતનગર જિલ્લાના ૨૦ ગુનાઓમાં સંડોવાયેલ છે. ગુજસીટોકના ગુનામાં એક વર્ષથી ફરાર હોય તેને ઝડપી લેવા શહેર ક્રાઇમ બ્રાંચને સફળતા મળી છે.આ કામગીરી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા તથા પોલીસ ઈન્સ્પેકટર એમ.એલ.ડામોર તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.કે.મોવલીયા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ અમીત અગ્રાવત, દિપકભાઈ ચૌહાણ, સંજયભાઈ રૂપાપરા, યુવરાજસિંહ ઝાલા, મયુરભાઈ મિયાત્રા, રાજેશભાઈ જળુ તથા પોલીસ કોન્સ્ટેબલ પ્રદીપસિંહ જાડેજા, વિશાલભાઈ દવેએ કરી હતી.

# માતાની હાજરીમાં ગાળો બોલતા સગીરે બે ભાઈ-બે મિત્રો સાથે મળી યુવકને છરીના ઘા ઝીંકયાતા

## પોલીસે ગણત્રીની કલાકોમાં ત્રણ સગા ભાઈઓ સહિત પાંચ શખ્સોને દબોચી લઈ સરભરા કરી પીઆઈ એચ.એન. પટેલ અને ટીમની કામગીરી



રાજકોટ તા.૨૬

રૈયા ગામમાં મોડી રાતે વૈશાલીનગરના યુવાનને છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરનાર સગીર સહિત તેના બે ભાઇઓ અને બે મીત્રોને યુનિ. પોલીસે પકડી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

બનાવ અંગે વૈશાલીનગર શેરી નં.૧૦માં રહેતા પરેશભાઈ શર્મા (ઉ.૨૪) ગઇકાલે તેમનો જન્મ દિવસ હોય જે ઉજવવા માટે મોડી રાતે રૈયા ગામમાં રહેતા તેના મીત્રના ઘરે ગયો હતો. જયાંથી મોડી રાતે ત્રણ વાગે પરત ફરતી વેળાએ તે વિસ્તારમાં ગાળો બોલતા ત્યાં હાજર એક સગીરે છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરતા સારવારમાં સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો.

બનાવ અંગે યુનિ. પોલીસે હત્યાના પ્રયાસ હેઠળનો ગુનો નોંધી પીઆઈ એચ.એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.જી . ડોડીયા અને ટીમ આરોપીની શોધખોળમાં હતી ત્યારે હે.કો. પ્રતાપસિંહ મોયા અને જીજ્ઞેશ મારૂ સહિતના સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે ગણત્રીની કલાકોમાં આરોપી એક સગીર, રવિ મનસુખ ગોહેલ, ઉદય સંજય સોઢા, કરણ સંજય સોઢા, મોઇન ફીરોજ ગોરી (રહે. તમામ રૈયા ગામ)ને પકડી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે આરોપી સગીર અને તેની માતા ઘર બહાર ઉભા હતા ત્યારે ઈજાગ્રસ્તે ગાળો બોલતા ઉશ્કેરાયેલા સગીરે ઝઘડો કર્યો હતો. જે બાદ તેના ભાઈ કરણ અને ઉદય તેમજ મીત્રો રવિ અને મોઈનને બોલાવ્યા હતા.

# ગુજરાતના મંત્રીઓને હોળી ગિફ્ટ: પ્રવાસ ભથ્થામાં અઢી ગણો વધારો

## સચિવાલય સંકુલના મેદાનમાં હોળી તહેવારની સંગીત સાથે ઉજવણી થશે

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત સરકારે મંત્રીઓને હોળી ભેટ આપી છે. સરકારે એક હુકમ કરીને રાજ્ય સરકારના તમામ મંત્રીઓના પ્રવાસ દરમિયાન રોકાણ અને ભોજન માટે મળતા ભથ્થામાં લગભગ અઢી ગણો વધારો કર્યો છે. સામાન્ય વહીવટ વિભાગના હુકમ અનુસાર મંત્રીઓ જે શહેરમાં રોકાવાના હોય તેની કક્ષા પ્રમાણે ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. આ વધારો ગયો વર્ષના ૮ નવેમ્બરથી મંજૂર કરવામાં આવ્યો હોવાથી મંત્રીઓને તે દિવસથી આજ સુધી જે પ્રવાસ કર્યો હશે તેના ભથ્થામાં એરિયર્સની ગણતરી કરી તફાવતની રકમ પણ આવતા મહિનાના તેમના પગારમાં ઉમેરીને આપવામાં આવશે. આ હુકમ અનુસાર એક્સ કેટેગરીના શહેરોમાં ૧ હજારને બદલે ૨૬૦૦ રૂપિયા, વાય કેટેગરીના શહેરમાં ૮૦૦ રૂપિયાના બદલે ૨૧૦૦ રૂપિયા અને ઝેડ કેટેગરીના શહેરમાં ૫૦૦ રૂપિયાના બદલે ૧૩૦૦ રૂપિયા ભાડું દૈનિક હિસાબે આપવામાં આવશે.

વિધાનસભા સત્ર દરમિયાન ધારાસભ્યો માટે સંકુલમાં હોળીના તહેવારની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભોજન અને સંગીત સાથે ભવ્ય કાર્યક્રમ સચિવાલય સંકુલમાં વિધાનસભાની બહાર આવેલા મેદાનમાં યોજાશે.

# સ્માર્ટ મીટર હાલ પોસ્ટ પેઈડ, પછી પ્રિ - પેઈડમાં કન્વર્ટ થશે

## ગ્રાહકોમાં ગેરસમજ દુર થયા બાદ યોગ્ય સમયે તંત્ર ઓફિસમાં બેઠા બેઠા જ રૂપાંતરિત કરી શકશે

### વિજતંત્ર દ્વારા સ્માર્ટ મીટર ફીટ કરવા ઝુંબેશ : સરકારી કચેરી બાદ હાઈરાઈઝ બિલ્ડીંગ અને પછી રહેણાંકનો વારો




રાજકોટ,તા.૨૬

રાજયમાં વિજતંત્ર દ્વારા લગાવાતા સ્માર્ટ મીટર સામે વિરોધ-ઉહાપોહ વચ્ચે તે ફરજીયાત હોવાની વિધાનસભામાં સરકારની જાહેરાત વચ્ચે સમગ્ર ઝુંબેશ તેજ કરવામાં આવી છે. હાલ લગાવાતા સ્માર્ટ મીટર 'પોસ્ટ પેઈડ'(વર્તમાન ધોરણે) જ રાખવામાં આવ્યા બાદ ગમે ત્યારે પ્રિ-પેઈડ મીટરમાં રૂપાંતરિત કરી દેવાની રણનીતિ હોવાના સંકેત છે.

રાજયમાં આધુનિક પ્રિ-પેઈડ સ્માર્ટ મીટરમાં બીલ વધુ આવતુ હોવાના ઉહાપોહ-વિરોધ બાદ તે કામગીરી અટકાવી દેવામાં આવી હતી. સરકારે જ સ્માર્ટ મીટર ફરજીયાત હોવાની જાહેરાત કરીને ફરી ચક્રો ગતિમાન કરી દીધા હતા. વિજતંત્રનાં સુત્રોએ કહ્યું કે, સરકાર દ્વારા અગાઉથી જ સ્માર્ટ મીટર લગાવવાની ઝુંબેશ શરૂ કરી દેવાની સુચના આપી દેવામાં આવી હતી.

રાજકોટ સહીતનાં શહેરોમાં પખવાડીયાથી તે ચાલુ છે. જોકે, હાલ ફીટ કરાતા સ્માર્ટમીટર પોસ્ટ પેઈડ મોડમાં જ છે.અર્થાત ગ્રાહકોને એક-બે મહિનાની બીલીંગ સાઈકલનાં ધોરણે જ રૂપાંતરીત થઈ શકશે. તંત્ર દ્વારા ઓફિસમાં બેઠા-બેઠા જ કન્વર્ટ કરાવી શકાશે.

ગ્રાહકોના પ્રિ-પેઈડ મીટર સામેનાં ઉહાપોહને ધ્યાને રાખીને હાલ ફકત સ્માર્ટ મીટર ફીટ કરવાનો અને પછી યોગ્ય સમયે પ્રિ-પેઈડ મોડ કાર્યાન્વીત કરવાની રણનીતિ અપનાવવામાં આવી છે.

રાજકોટને લાગે વળગે છે ત્યાં સુધી પ્રથમ તબકકે ૨૦,૦૦૦ સ્માર્ટ મીટરની ફાળવણી કરવામાં આવી છે સબ ડીવીઝનોને દરરોજ ૨૫-૫૦ સ્માર્ટ મીટર ફીટ કરવા કહેવાયું છે. હાલના તબકકે તમામ સરકારી કર્મચારીઓને આવરી લેવા કહેવાયું છે.

શહેરની કુલ ૧૬૨૬ કચેરીઓનાં મીટર ચાલૂ સપ્તાહમાં જ બદલાઈ જશે.સીટી સર્કલ-૧ માં ૬૪૪, ટુમાં ૬૦૦ તથા થ્રીમાં ૩૮૨ મીટર બદલાશે તેમાંથી અર્ધાથી વધુ કચેરીઓમાં સરકારી કવાટરોમાં કામગીરી પૂર્ણ પણ થઈ ગઈ છે.

આવતા સપ્તાહથી મોટી ઈમારતોનો વારો લેવામાં આવશે અને છેલ્લે તમામ રહેણાંકને આવરી લેવામાં આવશે.દરેક સબ ડીવીઝનમાં ૧-૧ હજાર સ્માર્ટ મીટર ફાળવવામાં આવ્યા છે.

વર્તમાન જુના મીટરના સ્થાને ફીટ કરાતા સ્માર્ટ મીટર વધુ સ્પીડમાં ફરતા હોવાના કે વધુ બીલ આવતા હોવાની અટકળોને ફગાવતાં વિજતંત્રનાં સીનીયર અધિકારીએ કહ્યું કે યોગ્ય ટેસ્ટીંગ બાદ જ નવા મીટર થાય છે. ઉર્જા નિગમ-નિયમન પંચના ગેઝેટમાં વિજ સીસ્ટમ અપડેટ કરવાની વિજ વિતરણ કંપનીઓને સતા આપવામાં આવી જ છે.

નવા વિજ મીટર આધુનિક છે. પ્રિ-પેઈડ વર્ઝનમાં લોકો ખુદ મોબાઈલમાં જ પોતપોતાના ઘર-ઓફીસનો વપરાશ નિહાળી શકશે. સ્માર્ટ મીટર ફીટ થયા બાદ ગ્રાહકોમાં વિશ્વાસનું વાતાવરણ ઉભુ થયા બાદ તેને પ્રિ-પેઈડમાં કન્વર્ટ કરવામાં આવે તેમ મનાય છે.

# બાવાજીરાજ રોડ, સોનીબજાર, થોરાળા, કોઠારીયા અને ગોંડલ રોડ ઉપર બાકીદારો સામે તવાઈ

### મહાશિવરાત્રીની રજામાં પણ વેરા વસુલાતની કામગીરી યથાવત



રાજકોટ, તા. ૨૬

આજરોજ મહાશિવરાત્રીની જાહેર રજામાં પણ મનપાની વેરા વસુલાત શાખાએ રીકવરી ઝુંબેશ ચાલુ રાખી હતી અને કોઠારીયા રીંગ રોડ પર એમ.કે.ઈન્ડ. એરીયામાં બે, કુબલીયાપરામાં એક, ૮૦ ફુટ રોડ પર સત્યમ રિવ વ્યુ વીંગ એચ.ગ્રાઉન્ડ ફલોર ઉપર એક, ગોંડલ રોડ ક્રિષ્ના પાર્ક સામે એક યુનિટ, ગોંડલ હાઈવે પર પરફેકટ ડિલકસ કોલ્ડ્રીંકસ ને સીલ મારી દેવાયા હતા. જયારે બાવાજીરાજ રોડનાં કોર્નર પર એક યુનિટ અને સોની બજાર સવજીભાઈની દોરીમાં મારૂતિ મેન્શનમાં થર્ડ ફલોર ઉપર એક યુનિટને 'સીલ' મારી દેવાયું હતું. આજ રોજ બપોરે એક કલાક સુધીમાં ૬-મિલક્તોને સીલ મારેલ તથા ૧૯-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂા.૩૯.૨૧લાખની થઇ હતી.તથા ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી તમામ રજાના દિવસો સહિત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા-વસૂલાત શાખાની સઘન કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેકટરો દ્વારા કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# ભગવતીપરામાં મહાશિવરાત્રીના દિવસે ધમધમતું ગેરકાયદેસર કતલખાનું ઝડપાયું

### કૃપા ફાઉન્ડેશન અને બી ડીવીઝન પોલીસનો સંયુકત દરોડો ગુનો નોંધવા તજવીજ



રાજકોટ તા.૨૬


મહા શિવરાત્રી પર્વ પર પોલીસ કમિશ્નર અને મહાનગરપાલકિા દ્વારા કતલખાના બંધ રાખવાનું જાહેરનામુ બહાર પાડેલ હોય છતા ભગવતીપરામાં ગેરકાયદેસર ધમધમતા કતલખાના પર પોલીસ અને જીવદયા પ્રેમીની ટીમે દરોડો પાડી અબોલ પશુઓને બચાવી સંચાલકને પોલીસ હવાલે કર્યો હતો. બી ડીવીઝન પોલીસે બનાવ અંગે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ભગવતીપરામાં એસબીઆઈ એટીએમ વાળી શેરીમાં આવેલ મદ્રેસાની સામે એક કતલખાનુ ધમધમતું હોવાની જાણ કૃપા ફાઉન્ડેશનની ટીમને થતા જીવદયા પ્રેમીની એક ટીમ બાતમીના સ્થળે દોડી ગઈ હતી .

અને જગ્યા વેરીફાઈ કરતા ગેરકાયદેસર કતલખાનું ધમધમતું હોવાનું સામે આવતા બી ડીવીઝન પોલીસને જાણ કરી હતી. પોલીસ અને કૃપા ફાઉન્ડેશનની ટીમે દરોડો પાડી ત્યાં ત્રણ પશુઓને લાવવામાં આવ્યા હતા જેમાંથી એકનું કટીંગ કરી નાખવામાં આવ્યું હતું જયારે બે પશુઓને બચાવી લઈ પાંજરાપોળમાં મુકવામાં આવ્યા હતા.₹જયારે ગે.કા. કતલખાનાના સંચાલક ઈકબાલ ઓસમાણ બાવનકાને પોલીસ મથકે લઈ જઈ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે શહેર પોલીસ કમિશ્નર અને આરએમસીની આરોગ્ય શાખા દ્વારા મહાશિવરાત્રી પર્વ પર એક દિવસ કતલખાના બંધ રાખવા તેમજ માસ, મટન, મચ્છી વેચાણ કે સ્ટોર કરવા પર પ્રતિબંધનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

# રાજકોટના સદર બજારમાં નામચીન રાજા પઠાણનો પથ્થરમારો : તંગદિલી

### હિન્દુ મહિલાએ મુસ્લિમ આગેવાન હબીબભાઈ કટારીયાની બહેનને ફ્લેટ વહેંચતા લાંબા સમયથી માથાકૂટ ચાલતીતી રાજા પઠાણ આણી ટોળકીને ફ્લેટ પચાવી પાડવા પથ્થરમારો કર્યાનો આક્ષેપ


રાજકોટ,તા.૨૬

સદર બજારમાં આજે સવારમાં જ બાલાજી એપાર્ટમેન્ટમાં રહેતા નામચીન રાજા પઠાણ નામના શખ્સે તેની સામે જ આવેલા એપાર્ટમેન્ટમાં રહેતા હબીબભાઈ કટારીયા સહિતના લેકો પર પથ્થરમારો કરતા તંગદીલી ફેલાઈ ગઈ હતી. સદનસીબે કોઈને ઈજા પહોંચી ન હતી. મામલાની જાણ થતા પોલીસના ધાડેધાડા ઉતરી આવ્યા હતા અને ચાંપતો બંદોબસ્ત ગોઠવી સ્થિતિને કાબુમાં લીધી હતી. હાલ પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. બનાવ અંગે સદર બજારમાં જ રહેતા મુસ્લિમ આગેવાન હબીબભાઈ કટારીયાએ જણાવ્યું હતું કે તેમની સામે જ આવેલ બાલાજી એપાર્ટમેન્ટમાં રહેતા રાજા પઠાણ અને તેના પરીવારનો લાંબા સમયથી આતંક ફેલાયેલો છે. જે એપાર્ટમેન્ટમાં અગાઉ અનેક હિન્દુ પરીવારો રહેતા હતા તે લેકો રાજા પઠાણ અને તેના પરીવારના આતંકના કારણે પોતાનો આશરો છોડી હિજરત કરવા મજબુર બન્યા હતા.

બાલાજી એપાર્ટમેન્ટમાં એક હિન્દુ મહિલા રહેતા હતા જેમના પતિનું અવસાન થતા તે એકલા રહેતા હોય અને રાજા પઠાણ સહિતના લોકોનો અસહ્ય ત્રાસ હોય જેથી કંટાળીને મહિલાએ હબીબભાઈને પોતાનો ફ્લેટ વેંચવા માટે કહ્યું હતું જેથી હબીબભાઈએ તે ફ્લેટ તેમના બહેન મુમતાજ બહેન સમાને વેચાતો અપાવ્યો હતો. જે રાજા પઠાણને ખુચ્યું હતું.

જે ફ્લેટ રાજા પઠાણને પચાવી પાડવો હતો તે ફ્લેટ હબીબભાઈએ તેમના બહેનને જ વેચાવી નાખતા લાંબા સમયથી માથાકૂટ ચાલતી હતી. જે બાદ આજે સવારે સામાન્ય બોલાચાલી બાદ રાજા પઠાણ આણી ટોળકીએ હબીબભાઈના એપાર્ટમેન્ટ તરફ મોટામોટા પથ્થરોના છુટા ઘા કરતા એક સમયે તંગદીલી છવાઈ ગઈ હતી જોકે પથ્થરમારામાં કોઈ વ્યકિતને ઈજા પહોંચી ન હતી.ગંભીર બનાવની જાણ થતા પ્ર.નગર પોલીસ, એ ડીવીઝન પોલીસની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી અને સ્થિતિ કાબુમાં લઈ રાજા પઠાણની સઘન શોધખોળ હાથ ધરી હતી. સમગ્ર ઘટનાનો તાગ મેળવવા એસીપી રાધિકા ભારાઈ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ફરીયાદીને સાંભળી ગુનો નોંધવા તજવીજ આદરી હતી. સદર બજારમાં સવારમાં પથ્થરમારો થતા આસપાસના વિસ્તારમાં તંગદીલી છવાઈ ગઈ હતી. ત્યારે આજે શિવરાત્રીનો તહેવાર હોય બપોરના સમયે વિશાળ શોભાયાત્રા પણ નીકળવાની છે જે શોભાયાત્રાનો રૂટ સદર બજાર નજીકથી પસાર થવાનો હોય તેમના કલાકો પહેલા જ પથ્થરમારો જેવો બનાવ બનતા ચકચાર મચી ગઈ છે. જોકે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેતા હાલ સ્થિતિ કાબુમાં આવી છે.

# સિટી બસે રાજકોટ મનપાના ડે.ચીફ એકાઉન્ટન્ટના પિતાનો પગ કચડી નાખ્યો : ચાલક નાસી છૂટ્યો

### માધાપર ચોકડીએ સાંજે બનેલી ઘટના: વૃદ્ધ મહેન્દ્રભાઈ ગાંધી સારવારમાં




રાજકોટ, તા.૨૬

સિટી બસ હડફેટે અકસ્માતની ઘટનાઓ સતત સામે આવતી હોય છે. ત્યારે ગઈકાલે સાંજે માધાપર ચોકડીએ મહેન્દ્રભાઈ ગાંધી નામના રાહદારીને હડફેટે લઈ સિટી બસના ચાલકે તેઓનો પગ કચળી નાખ્યો હતો. આ વૃદ્ધ રાજકોટ મનપાના ડે.ચીફ એકાઉન્ટ અભિલાષભાઈ ગાંધીના પિતા હોવાનું જાણવા મળ્યું છે.

બસ ચાલક સામે ફરિયાદ નોંધાવતા અભિલાષભાઈ મહેન્દ્રભાઈ ગાંધી (ઉં.વ..૩૨, રહે. સેલેનિયમ સિટી માધાપર પોસ્ટ ઓફીસની સામે ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ)એ જણાવ્યું કે, હું રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી ચીફ એકાઉન્ટ તરીકે નોકરી કરું છું.

હું મારાં પરિવારમાં માતા, પિતા, મોટા ભાઈ ભાવેશભાઈ (ઉં.વ. ૪૫) એમ બધા પરિવારમાં. સાથે રહીએ છીએ. મારા પિતા મહેન્દ્રભાઈ મણીલાલ ગાંધી (ઉં.વ.૭૯) નિવૃત જીવન જીવે છે. ગઈકાલ તા.૨૫ ના સાંજના સાતથી સાડા સાતક વાગ્યાની વચ્ચે મારા પિતરાઈભાઈ અતુલભાઈ દિનેશભાઇ ગાંધીએ મને ફોન કરી જણાવ્યું કે, તારા પિતાનું માધાપર ચોકડી ખાતે અકસ્માત થયેલ છે.

હું સ્થળ પર પહોંચ્યો. ત્યાં જાણ્યું કે, મારાં પિતા રસ્તો પસાર કરતા હતા ત્યારે બીઆરટીએસ સિટી બસના ચાલકે ઠોકર મારતા બસના વ્હિલ મારાં પિતાના જમણા પગ પર ફરી વળ્યાં હતા. કોઈ રાહદારીયે ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલેન્સન આવી હતી.

પ્રથમ મારા પિતાને ક્રાઈસ્ટ હોસ્પિટલ બાદ સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અહીં તેની સારવાર ચાલુ છે. પિતાનો જમણો પગ સાથળની નિચેના ભાગે ચુથાઈ ગયેલ અને ફેકચર જેવી ગંભીર ઈજા થયેલ છે. તથા ડાબા પગમાં ગોઠણના ભાગે તથા બને હાથમાં અને માથાના કપાળના ભાગે છોલછાલ જેવી ઈજાઓ થયેલ છે.


## મંદિરે દર્શન કરવા જતાં વૃદ્ધાને જગ્યા રોકાણ શાખાની ગાડીએ ઉલાળ્યા

શહેરની ભાગોળે મોરબી રોડ પર વેલનાથપરામાં મંદિર દર્શન કરવા જતાં ૧૦૦ વર્ષીય વૃદ્ધાને કોર્પોરેશનની જગ્યા રોકાણ શાખાની ગાડીએ ઉલાળતા ઈજાગ્રસ્ત વૃદ્ધાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ પર વેલનાથપરા પાસે ગણેશ પાર્કમાં રહેતા વજીબેન ગેલાભાઈ મકવાણા (ઉં.વ.૧૦૦) નામના વૃદ્ધા આજે સવારે મહા શિવરાત્રી નિમિતે શિવ મંદિરે સાગર પાર્કમાં દર્શન કરવા જતા હતા ત્યારે રસ્તામાં આરએમસીની જગ્યા રોકાણ શાખાની ગાડીએ વૃદ્ધાને હડફેટે લેતા તેમને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# કાલથી ધારાસભ્ય ઉદય કાનગડના જનસેવા કાર્યાલય ખાતે આર.ટી.ઈ. ના ફોર્મ ભરવામાં આવશે

## ઉદયભાઈ કાનગડ, વિધાનસભા–૬૮ જનસેવા કાર્યાલય ખાતેથી તા.૨૮ ફેબ્રુઆરીથી આર.ટી.ઈ. ના ફોર્મ ભરવાનો પ્રારંભઃ તા.૧૨ માર્ચ સુધી ફોર્મ ભરી શકાશેઃ જરૂરીયાતમંદોને લાભ લેવા જાહેર અનુરોધ કરતા ઉદયભાઈ કાનગડ

રાજકોટઃ વિધાનસભા-૬૮, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડની એક અખબારી યાદીમાં જણાવાયુ છે કે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજયની ભાજપ સરકાર દ્વારા ગરીબો, પીડીતો, શોષીતો, વંચિતો ના કલ્યાણ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે ત્યારે આ યોજનાઓનો લાભ જન-જન સુધી પહોંચે તેવા શુભ આશય સાથે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના જનસેવા કાર્યાલય ખાતે વિવિધ સરકારી યોજનાઓનો લાભ અને માહિતી પુરી પાડવામાં આવે છે, જેમાં આયુષ્યમાન કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ, વિશ્વકર્મા યોજના, આધારકાર્ડમાં સરનામું બદલવું તેમજ વિવિધ સરકારી યોજનાઓ જેવીકે વિધવા સહાય યોજના, આવકનો દાખલો, વ્હાલી દીકરી યોજના, વૃધ્ધ પેન્શન યોજના, નવું રેશનકાર્ડ, રેશનકાર્ડમાં સુધારા-વધારા સહિત અનેકવિધ યોજનાઓના ફોર્મ ભરી આપવા સહીતની સેવાઓ કાર્યરત છે ત્યારે રાજય સરકાર બારા ગરીબ પરિવારના બાળકોને સુવિધાસભર શાળામાં નિઃશૂલ્ક ઉચ્ચ શિક્ષણ મળી રહે અને બાળક ભવિષ્યમાં પોતાના ઉચ્ચ શિક્ષણ થકી દેશના વિકાસમાં સહભાગી થાય તે માટે 'રાઈટ ટૂ એજયુકેશન' () અમલમાં મુકવામાં આવેલ છે ત્યારે આર.ટી.ઈ. હેઠળ બાળકોને ૨૫૪ લેખે પ્રવેશ આપવાનો હોય છે.ત્યારે આર.ટી.ઈ. ના ફોર્મ તા.



૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ઓનલાઈન ભરવાના ચાલુ થતા હોય વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડના પેડક રોડ સ્થિત જનસેવા કાર્યાલય, ક્રીસ્ટલ કોમ્પલેક્ષ, પેડક રોડ, બાલક હનુમાન મંદિર પાસે આર.ટી.ઈ.ના ફોર્મ ભરી આપવામાં આવશે. જે તા. ૧૨ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે.

ત્યારે વધુ માહિતી આપતા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે આર.ટી.ઈ.ના ફોર્મ ભરવા માટે બાળકનો જન્મતારીખનો દાખલો, બાળક અથવા માતા કે પિતાની બેન્ક પાસબુક, માતા અને પિતાનું આધાર કાર્ડ તથા તેમાં સહી કરવી, માતા અને પિતાનું પાનકાર્ડ (જો હોય તો), જાતીનો દાખલો ( બાળકના પિતાનો- માત્ર એસ.સી./એસ.ટી./ ઓબીસી માટે), આવકનો દાખલો (તા. ૦૧/૦૪/૨૦૨૩ પછીનો), (શહેરી વિસ્તાર માટે રૂા.૧,૫૦,૦૦૦ કે તેથી ઓછી આવકનો) તથા (ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૧,૨૦,૦૦૦ કે તેથી ઓછી આવકનો), ઈન્કમટેક્સ રીટર્ન (છેલ્લે ભરેલું)/ સેલ્ફ ડેક્લેરેશન, બાળક અથવા વાલી ગમે તે એકની બેંક પાસબુક, સંતાનમાં એક દિકરી જ હોય તો તે કેટેગરીમાં ફોર્મ ભરવું હોય તો તેનું પ્રમાણપત્ર મહાનગરપાલિકામાંથી કઢાવીને લાવવું, (એક છોકરી હોય તો વન ચાઈલ્ડ સર્ટીફીકેટ), આંગણવાડીમાં ૨ વર્ષનો અભ્યાસ કરેલ હોય તો તે કેટેગરીમાં ફોર્મ ભરવાનું હોય તો તેનું પ્રમાણપત્ર જે તે સરકારી આંગણવાડીમાં થી લઈને આવવાનું રહેશે.બાળકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો જેવા ડોકયુમેન્ટ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું હોય માત્ર ઓરીજનલ ડોકયુમેન્ટ સાથે રાખવાના રહેશે. બાળકનો જન્મ તા. ૦૨-૦૬-૨૦૧૮ થી ૦૧-૦૬-૨૦૧૯ની વચ્ચે થયેલ હોવો જોઈએ (તા.૧ જૂન,૨૦૨૫ના રોજ બાળકને ૬ વર્ષ પૂર્ણ થયેલ હોવા જોઈએ) તેમજ એડ્રેસથી ૬ કી.મી. સુધીમાં આવતી સ્કૂલ જ ફોર્મમાં ભરી શકાશે.

# ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા જીએસટી અંગે સેમીનાર યોજાયો સ્કીમ અંગે માર્ગદર્શન અપાયું

## સીજીએસટી કમિશનર અને ડે.કમિશનરે સ્કીમનો લાભ લેવા કર્યો અનુરોધ

રાજકોટ તા.૨૬

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સીજીએસટી રાજકોટના સંયુકત ઉપક્રમે જીએસટી એમનેસ્ટી સ્કીમ તા.૨૪-૨-૨૦૨૫ સોમવારના રોજ અવરનેશ સેમીનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ સીજીએસટી કમિશનર શિવાકુમાર વી તથા ડેપ્યુટી કમિશનર નાથા નાગશ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ.

ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રાએ સ્વાગત પ્રવચન આપતા જણાવેલ કે સરકાર દ્વારા કોઈપણ નવા કાયદાઓ કે સ્કીમો અમલમાં મુકવામાં આવે છે તેની વેપાર




ઉદ્યોગકારોને સંપુર્ણ જાણકારી મળી રહે તે માટે હર હંમેશ અવરનેશ સેમીનારનું આયોજન કરવામાં આવે છે. જીએસટી અંતર્ગત કરદાતાઓને દંડ વ્યાજમાંથી રાહત મળે તે માટે સરકાર દ્વારા જીએસટી એમનેસ્ટી સ્કીમ અમલી કરેલ છે. જેનાથી ખુબ રાહત થશે. આમ કરદાતાઓને આ સ્કીમનો વધુને વધુ લાભ લેવા અનુરોધ કરેલ.

રાજકોટ સીજીએસટી કમિશ્નર શિવાકુમાર વી એ આજના સેમીનારનું આયોજન કરવા બદલ આભાર વ્યકત કરી સરકાર દ્વાર કરદાતાઓના હિતને લક્ષમાં રાખી જીએસટી એમનેસ્ટી સ્કીમ અંગે ટુંકમાં વિગત આપી આ બાબતે કરદાતાઓને કોઈપણ મુશ્કેલી-સમસ્યા કે મદદની જરૂર જણાય તો સીજીએસટી ઓફિસનો સંપર્ક કરવા જણાવેલ.

મુખ્ય વકતા રાજકોટ સીજીએસટી ડેપ્યુટી કમિશ્નર નાથા નાગશએ જણાવેલ કે, જીએસટી કાઉન્સીલ દ્વારા સીજીએસટી એકટ ૨૦૧૭ હેઠળ ૧૨૮એમાં જીએસટી એમનેસ્ટી સ્કીમ ૧લી નવેમ્બર ૨૦૨૪થી અમલમાં આવેલ છે. આ સ્કીમ એવા કરદાતાઓને લાભ આપે છે જેમણે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટે સીજીએસટી કાયદાના ૭૩ અને ૭૪ હેઠળ નોટીસ-ઓર્ડર પ્રાપ્ત કરેલ છે.

તેઓ વ્યાજ અને દંડની માફી માટે અરજી કરી શકે છે. જો વ્યાજ અને પેનલ્ટી પહેલેથી ચુકવવામાં આવેલ હોય તો કોઈ રીપંડ આપવામાં આવશે નહીં. આ સ્કીમનો લાભ લેવા માટે કરદાતાએ માગવામાં આવેલી વાસ્તવીક જીએસટી રકમ ૩૧-૩-૨૦૨૫ સુધીમાં ચુકવવી પડશે અને જીએસટી એસપીએલ-૦૧ અથવા જીએસટી એસપીએલ-૦૨ ફોર્મ જીએસટી દ્વારા માફી માટેની ઓનલાઈન અરજી ત્રણ માસની અંદર ૩૦-૬-૨૦૨૫ સુધીમાં સબમીટ કરવી પડશે. આમ જીએસટી એમનેસ્ટી સ્કીમ અંગેનો લાભ-સુવિધાઓ, શરતો, પ્રતિબંધો, પ્રક્રિયા જેવા અગત્યના વિવિધ મુદ્દાઓ ઉપર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપેલ. તેમજ ઉપસ્થિત સભ્યો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે અધિકારીઓ દ્વારા સંતોષકારક પ્રત્યુતર આપવામાં આવેલ.

## કારમાંથી ઉતરી પત્નીની દવા લેવા વેપારીને બાઈકચાલકે ઉલાળતાં મોત

શહેરમા જામનગર રોડ ઉપર આવેલા મનહરપુર-૧માં રહેતા કરિયાણાના વેપારી પોતાની કારમાં કાર લઈ પત્નીને દવા લેવા માટે નિર્મળા સ્કૂલ પાસે ગયા હતા. જ્યાં કારમાંથી ઉતરી રોડ ક્રોસ કરતા હતા તે દરમિયાન બાઈક ચાલકે વેપારીને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા વેપારીનું મોત નીપજતા પરિવારમાં માતમ છવાયો છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ ઉપર મનહરપુર-૧માં રહેતા અને કરિયાણાની દુકાન ધરાવતા ફૈયાઝભાઈ એહમદભાઈ સીદીકી નામના ૪૮ વર્ષના આધેડ નિર્મળા સ્કૂલ પાસે પોતાની કારમાંથી ઉતરી રોડ ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા બાઈક ચાલકે વેપારી આધેડને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વેપારી આધેડને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં આધેડની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક તપાસમાં મૃતક વેપારી આધેડ છ ભાઈ ત્રણ બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે મૃતક ફૈયાઝભાઈ સીદીકી ઘર પાસે કરિયાણાની દુકાન ચલાવતા હતા અને પત્ની શાહેદાબેનને તાવ આવતો હોવાથી નિર્મલા સ્કૂલ પાસે હોસ્પિટલમાં બતાવવા ગયા હતા જ્યાં કારમાંથી ઉતરી રોડ ક્રોસ કરતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી અકસ્માત સર્જનાર બાઈક ચાલક વિરુદ્ધ તપાસનો દોર લંબાવ્યો છે.

# આધાર કેન્દ્રમાં લાઈનનો પ્રશ્ન ઉકેલાયો ત્યાં જન્મ - મરણના દાખલા કઢાવવામાં કતાર : માત્ર બે કીટ પર ચાલતું કામ..

## અધિકારીઓ સ્ટાફ વધારતા નથી : ફરી વેઈટીંગના દ્રશ્યો રોજિંદા બની ગયા

રાજકોટ, તા. ૨૬

મ્યુનિ. કોર્પોરેશનના આધાર કાર્ડ કેન્દ્રમાં ઘણા દિવસોથી ભારે ભીડનો અંત આવતા શાંતિ થઇ ગઇ છે અને લોકો બહુ મોટી લાઇન વગર પોતાના કામ કરાવી રહ્યા છે ત્યારે બીજી તરફ સેન્ટ્રલ ઝોન કચેરીના સીવીક સેન્ટરમાં બેસતી જન્મ-મરણ શાખામાં લોકોની લાઇનનો અંત આવતો નથી. માત્ર બે કીટ પર અને ઓછા સ્ટાફમાં ગાડુ ગબડાવાતુ હોય વહેલાસર સ્ટાફ વધારીને લોકો માટેની સેવાઓ સફળ ગવર્નન્સ જેવી બનાવવા ફરી રજુઆતો થઇ છે. કોર્પો.ની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આવેલ જન્મ-મરણ વિભાગની કચેરીમાં છેલ્લા સપ્તાહથી મોટી લાઈનો લાગી રહી છે. આ વિભાગમાં સ્ટાફ પુરતો ન હોવાથી અને ફક્ત બે કિટથી ગાડુ ગબડાવતું હોય અરજદારો



પરેશાન થઈ રહ્યા છે. બજેટમાં લોકો માટેની સેવાઓ વધુને વધુ સરળ કરવા જાહેરાતો કરાઇ છે ત્યારે આ સમસ્યાનો ઉકેલ અધિકારીઓ કાઢી શકતા નથી.

દરરોજ નવા જન્મના દાખલા તેમજ મરણના દાખલા માટે અરજદારોની ભીડ રહેતી હોય છે. તેવામાં આધારકાર્ડ માટે જન્મનો પુરો દાખલો આપવાનો નિયમ ફરજિયાત બનાવતા છેલ્લા ઘણા સમયથી અગાઉના જન્મના દાખલાને પુરા નામનો દાખલો બનાવવા માટે લોકો અરજી કરે છે.

ત્રણેય ઝોનલ કચેરીખાતે ચાર ચાર કીટ ફાળવવામાં આવી છે. પરંતુ અપુરતા સ્ટાફના કારણે દરરોજ બે કિટ ઉપર જ કામ થઈ શકે છે. છેલ્લા ઘણા સમયથી સ્ટાફની માંગણી કરવામાં આવી રહી છે. પરંતુ અધિકારીઓ નવી કોઇ વ્યવસ્થા કરતા નથી. જન્મ-મરણ વિભાગમાં રોજીંદા અરજદારોની ભારે ભીડ જોવા મળે છે. એક તો સ્ટાફ ઓછો હોવાના કારણે અરજદારોના સમયનો વેડફાટ થઈ રહ્યો છે. જેની સામે અવાર નવાર સર્વર ડાઉન થવાની તેમજ કનેક્ટીવીટી લો થઈ જવાની ઘટનાઓ પણ રોજીંદી બની ₹ ગઈ છે. આથી વિભાગમાં આગામી દિવસોમાં કીટ પ્રમાણેનો પુરતો સ્ટાફ ફાળવવામાં આવે તો પણ કનેક્ટીવીટી અને સર્વર ડાઉન થવાનો ડખ્ખો તો કાયમી ઉભો જ રહેશે તેવી ચિંતા છે. આથી નવા નાણાકીય વર્ષમાં વેરા વળતર યોજના ચાલુ થાય તે પહેલા આ વિભાગનો પ્રશ્ન ઉકેલવાની જરૂર લાગી રહી છે.

### એમ્બેસેડર કે પ્રિમિયર પદ્મીની પણ લકઝરી ગણાતી હતી

# લકઝરી નહી જરૂરિયાત! ગુજરાતમાં કારધારકોની સંખ્યા ૧૫ વર્ષમાં ત્રણ ગણી વધી

### દર ૧૬માંથી એક વ્યક્તિ કાર માલીક : ટુ વ્હીલર તો ચિંતાની ગતિએ વધ્યા : દર ત્રણમાંથી એક ગુજરાતી પાસે બાઈક છે

અમદાવાદઃ ગુજરાત એ દેશના સમૃદ્ધ રાજયોમાં અવલ્લ નંબરે છે અને તે સમૃદ્ધિ હવે ઓટો કંપનીઓ માટે એક મોટી માર્કેટ બની રહી છે. એક સમયે સરકારી એમ્બેસેડર કે પછી ધનીકોની પદ્મીની પ્રિમીયમ પણ આકર્ષણ બની જતી હતી પણ આજે એકથી એક વૈભવી કાર ગુજરાતના માર્ગો પર દોડે છે અને કાર એક વખત લકઝરી ગણાતી હતી તે આજે આવશ્યકતા બની ગઈ છે.

જો તેઓ ભૂતકાળ તપાસો તો રાજયમાં દર એક લાખની વસ્તીએ ૪૨૫ કાર ૧૯૮૯-૯૦માં હતી અને ૩૪૧૯ ટુ વ્હીલર હતા. આજે દર એક લાખની વસતીએ ૬૩૧૮ લોકો પાસે કાર છે એટલે કે દર ૧૬માંથી એક વ્યક્તિ કારનો માલીક છે અને જે દર્શાવે છે કે ગુજરાતમાં કાર ધારકોની સંખ્યા બે દશકાથી થોડા વધુ સમયમાં ૨૦૦% વધી છે.

આ માટે ઓટો ઉદ્યોગ કહે છે કે, લોકોની નાણાકીય સદ્ધરતા વધી છે તથા અપેક્ષા અને જરૂરિયાત પણ વધી છે. આજે ગુજરાતમાં દર ત્રીજો વ્યક્તિ ટુવ્હીલર ધરાવે છે જે પણ પરિવાર દીઠ બે-ત્રણ ટુ વ્હીલર હોય તે અત્યંત સામાન્ય બની ગયુ છે.

ઓટો ક્ષેત્રમાં વધુને વધુ કંપનીઓ આવી છે અને વધુ બહેતર ટેકનોલોજીથી હવે ડ્રાઈવીંગ પણ સરળ બની ગયુ છે તો બીજી બાજુ લોકોની આવક વધી છે જેના કારણે તેઓની લોન માટેની પાત્રતા પણ વધી છે. બેન્કો અને નાણાકીય સંસ્થાઓ પણ હવે વધુ સરળ રીતે વાહન સામે ધિરાણ આપવા લાગ્યા છે.

સતત વાહન ખરીદી જ નહી લોકોની રોકાણ ક્ષમતા પણ વધી છે તે મ્યુચ્યુઅલ ફંડથી શેરબજાર અને અન્ય રોકાણો દર્શાવે છે તો લોકો હવે રોજબરોજથી જીંદગીમાં પણ ખર્ચ વધારવા લાગ્યા છે અને હવે સમાજમાં એક વિશાળ વર્ગ પણ એવો થયો છે જેના ઘરે એકથી વધુ કાર પાર્ક થઈ હોય છે તે રાજયો નાના શહેરોમાં પણ જોવા મળી રહ્યા છે. ગ્રામીણ ક્ષેત્રમાં કારથી લઈને એસયુવી અને મલ્ટી યુટીલીટી વ્હીકલ પણ જોવા મળે છે અને છેલ્લા પાંચ વર્ષમાં ગ્રામીણ ક્ષેત્રમાં પણ કાર-ટુવ્હીલરનું પ્રમાણ વધ્યુ છે અને ગ્રામીણ લોકો પણ વાહન ખરીદીમાં શહેરી લોકો જેમ પસંદગીના વાહન ખરીદતા ખચકાતા નથી. હવે ગ્રામીણ આવક ફકત કૃષી જ નહી અનેક રીતે વધી રહી છે.

# ડીસા ખાતે ઘીના ભેળસેળીયા વેપારી પર ત્રાટકતુ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ

### નવકાર ડેરી પ્રોડક્ટસ, ડીસા, પાલનપુરમાં તંત્ર દ્વારા કરવામાં આવેલ દરોડામાં સ્થળ પરથી કૂલ ૧૧ નમૂના લેવાયા ૪૦૦૦ કિગ્રાથી વધુનો જથ્થો સિઝ

ગાંધીનગર,તા.૨૬

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યનાં નાગરિકોને સલામત અને સ્વચ્છ આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કટીબદ્ધ છે અને રાજયમાં ભેળસેળ યુક્ત કે ડુપ્લીકેટ ખોરાક બનાવનાર ઇસમો વિરૂદ્ધ તંત્ર કડક કાયદાકીય કાર્યવાહી કરી રહ્યું છે.ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બનાસકાંઠા દ્વારા તારીખઃ ૦૮/૦૫/ ૨૦૨૪ના રોજ નવકાર ડેરી પ્રોડક્ટસ, પ્લોટ નંબર-૫૧, જી.આઇ.ડી.સી., ડીસા, બનાસકાંઠા ખાતે તપાસ કરવામાં આવેલ.

જેમાં સ્થળ પર ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ (લાયસન્સીંગ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ ફુડ બિઝનેશ) રેગ્યુલેશન, ૨૦૧૧ની જોગવાઈઓનું ભંગ થતા જોવા મળેલ જે બદલ તંત્ર દ્વારા પેઢીને કલમ -૩૨ હેઠળ ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવેલ હતી પરંતુ પેઢી દ્વારા બે વખત તક આપવા છતાં તેની પુર્તતા ન કરવામાં આવતા પેઢીનું લાઈસન્સ (લાઈસન્સ નંબર-૧૦૭૧૮૦૦૫૦૦૦૮૬૬) તારીખઃ ૦૪/૧૦/૨૦૨૪ના રોજ રદ્દ કરવામાં આવેલ હતું.

તારીખઃ ૨૫/૦૨/૨૦૨૫ના રોજ તંત્ર દ્વારા પેઢીની આકસ્મિક તપાસ કરતા પેઢીનું લાઈસન્સ રદ્દ કરી દીધુ હોવા છતાં ઘી નું ઉત્પાદન કરતી માલૂમ પડેલ. આથી, પેઢીના તપાસ કરતા અને પેઢીના જવાબદાર સંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની પૂછપરછ કરતા ઘી માં સોયાબીન અને ઈન્ટરએસ્ટરી ફાઇડ વેજીટેબલ ફેટની ભેળસેળ ની શંકા જતા તંત્ર કાયદા હેઠળ ની કાર્યવાહી કરતાસંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની હાજરીમાં ઘી ની અલગ -અલગ બ્રાંડ અને વજનના કુલ ૧૧ (અગિયાર) નમુના લેવામાં આવેલ.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# થાનગઢમાં સમસ્ત સતવારા સમાજ દ્વારા મહાશિવરાત્રીની આઠમી શોભાયાત્રાનું આયોજન





થાનગઢ, તા. ૨૭: શ્રી સમસ્ત સતવારા સમાજ થાનગઢ આયોજિત મહાશિવરાત્રી આઠમી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું સિદ્ધનાથ મહાદેવની વેશભૂષામાં ‘‘ધર્મેશભાઈ ડાભી‘‘ ઉપસ્થિત રહ્યા હતા, શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર થાનગઢ ના સતવારા સમાજના બાળકો દ્વારા ગણપતિ, શઁકર ભગવાન, હનુમાનજી, શ્રીકૃષ્ણ એવા વિવિધ વેશભૂષામાં સજજ થઈને શોભાયાત્રામાં આવ્યા હતા મહાશિવરાત્રીની સિદ્ધનાથ મહાદેવની શોભાયાત્રા આજે તારીખ :૨૬/૦૨/૨૦૨૫ને બુધવારે શ્રી વાસુકીદાદાના મંદિરેથી મહંતશ્રી પ્રશાંતગીરી બાપુ તેમજ મહંત શ્રી રાજેન્દ્રગીરી બાપુ દ્વારા ભગવાન સિદ્ધનાથ મહાદેવ ને ફુલહાર પહેરાવીને બપોરે ૨-30 વાગ્યે શોભાયાત્રા પ્રસ્થાન કરવામાં આવી મહા શિવરાત્રીની શોભાયાત્રા માં ૨૫૦૦( અઢીહજાર)શ્રી સમસ્ત સતવારા સમાજ થાનગઢના ભાઈઓ-બહેનો, બાળકો, વડીલો, આગેવાનો, જોડાયા હતા સતવારા સમાજ દ્વારા દુઃખ ભંજણી મેલડીમાં ગ્રુપ (નરોતમભાઈ) તથા ભૂમિ ડીજે(રમેશભાઈ મોરી) દ્વારા ડીજે ની વ્યવસ્થા કરવામાં આવી ભોળાનાથના ભજન,ગીતો દ્વારા સમાજ ના લોકો ડીજે ના તાલે ગરબે રમ્યા હતા તથા લીંબુ શરબતની વ્યવસ્થા દુઃખભંજણી મેલડીમાં ગ્રુપ દ્વારા કરવામાં આવી વાસુકીવોટર સપ્લાયર, બંસી વોટર સપ્લાયર દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવી તથા વિસ્તાર પ્રમાણે સતવારા સમાજ દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવી, ગર્લ્સ હાઈસ્કુલ સામે ઉમેશભાઇ મોરી, દિલીપભાઈ મકવાણા, પ્રકાશભાઇ જાદવ,બકુલસિંહ રાણા તેમજ અન્યદુકાનદાર મિત્ર મંડળ દ્વારા શોભાયાત્રાના લોકોને શરબતનું વિતરણ કર્યું સતવારા સમાજના મામા ગ્રુપ તરફથી શરબતનું વિતરણ કરવામાં આવ્યું તથા ભરતભાઈ હીરાભાઈ ચાવડા દ્વારા પ્રસાદી ના દાતા બનીને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું, ભગવાન સિધ્ધનાથ રથની સેવા ધર્મેશભાઈ ઈશ્વરભાઇ મકવાણા તરફથી પીકઅપ વાહન સેવા કિશોરભાઈ જાદવ (કુંતલપુર વાળા) તરફથી, છોટાહાથી રમેશભાઈ ટપુભાઈ કણજરીયા તરફથી, ટ્રેક્ટર સેવા ખોડાભાઈ નાગરભાઈ મકવાણા તરફથી સેવાઓ આપીને તેમજ સતવારા સમાજના લોકો દ્વારા રોકડ દાન આપીને ધન્ય બન્યા થાનગઢ ના શોભયાત્રામાં વાસુકીમંદિરથી મેઈન બજાર, હરિનગર સોસાયટી, ધોળીતલાવડી, ગ્રામલક્ષ્મી સોસાયટી, ફૂલવાડીમાં શોભાયાત્રાનો રૂટ રાખવામાં આવ્યો હતો શોભાયાત્રા સમાપન સાંજે ૬- વાગ્યે બાવળવાળા મેલડીમાતાજી ના મંદિરે કરવામાં આવેલ શ્રી સમસ્ત સતવારા સમાજ થાનગઢ દ્વારા ફરાળનું આયોજન કરવામાં આવેલ શ્રી સમસ્ત સતવારા સમાજ થાનગઢ દ્વારા શોભાયાત્રાને શ્રી સમસ્ત સતવારા સમાજ થાનગઢ દ્વારા સફળ બનાવવામાં આવી.

## સૂર્યોદય પુસ્તકાલય કાઠી બોર્ડિંગ બોટાદ ખાતે સતુભાઈ ધાધલનું સન્માન



બોટાદ, તા. ૨૭: કાઠી દરબાર શિક્ષણ સમિતિ બોટાદ માટે હરહંમેશ એક હુંફાળો હોંકારો અને તન,મન અને ધનથી સદા કાઠી બોર્ડિંગ બોટાદના ભાઈઓ માટે સદા સમર્પિત વ્યક્તિત્વ તથા વિશ્વ હિંદુ પરિષદ બોટાદના ઘણાં લાંબા સમયથી અધ્યક્ષ તથા કાઠી દરબાર સમાજ માટે અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ થકી સૌના હૃદયમાં સ્થાન પામનાર એક દિલેર વ્યક્તિત્વના ધની વ્હાલાં ભાઈશ્રી સતુભાઈ ધાધલનું નગરપાલિકાની ચુંટણી જંગી બહુમતીથી જીતવા બદલ સૂર્યોદય પુસ્તકાલય કાઠી બોર્ડિંગ બોટાદ ખાતે ભગવાન રામચંદ્રજીના મોમેન્ટો અને પુષ્પમાળા તથા પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું.

## જસદણના ઘેલાં સોમનાથ મહાદેવને શીશ ઝુકાવતા કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા



જસદણ નજીક આવેલા વિખ્યાત તિર્થધામ શ્રી ઘેલાં સોમનાથ મંદિરના મહાદેવને આજે શિવરાત્રિના પાવન દિવસે જસદણના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ શીશ ઝુકાવી લોકોની સુખાકારીની પ્રાર્થના કરી હતી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.27/2/2025 THURSDAY


# મહાશિવરાત્રીએ સોમનાથમાં ભાવિકોનો સમુદ્ર ઘુઘવાયો, એક લાખ ભાવિકોએ શીશ ઝુકાવ્યુ

## શિવભક્તિના પાવન દિવસે ભાવિકો દ્વારા રેકર્ડબ્રેક ૧૦૪ સોમેશ્વર મહાપૂજા કરેલ અને ૬૯ ધ્વજા ચડાવવામાં આવી



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૭: દેવાધિદેવ સોમનાથ મહાદેવને શીશ નમાવી મહાશિવરાત્રી પર અનુકંપા પ્રાપ્ત કરવા લાખો શ્રદ્ધાળુ યાત્રાધામ સોમનાથમાં ઉમટી પડયા હતા. આજે સવારે ૪ વાગ્યે સોમનાથ મંદિરના દ્વાર દર્શનાર્થીઓ માટે ખોલવામાં આવેલ ત્યારે અગાઉથી કતારબંધ લાઈનમાં ઉભેલ શિવભક્તોના હર હર મહાદેવ ના નાદથી વાતાવરણ શિવમય બની ગયુ હતુ. આજે સવારથી સાંજ સુધીમાં ૬૦ હજારથી વધુ ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી. આજે દિવસભર સોમનાથ પહોંચવાના તમામ માર્ગો ઉપર ભાવિકો સોમનાથ તરફ પ્રયાણ કરતા જોવા મળતા હતા.

આજે સવારે સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી પી.કે.લહેરી દ્વારા પાલખી પૂજન અને ધ્વજા પૂજા કરી મહાશિવરાત્રીનો પ્રારંભ કરાવ્યો હતો. આજે પાવન દિવસે પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પરીવાર સાથે તેમજ ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીએ સોમનાથ મહાદેવના દર્શન કરી સોમેશ્વર મહાપૂજા ધ્વજાપુજા કરી કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી. આજના પવન દિવસે દેશ વિદેશથી અનેક શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શને અને પૂજા અર્ચના કરી પુણ્ય અર્જિત કરવા સોમનાથ પહોંચ્યા હતા. આજે સવારે પ્રાતઃ આરતી મહાપજા, બપોરે મધ્યાહન મહાપૂજા-આરતી અને સાંજે સંયન આરતી સમયે મહાદેવને પાઘડી, રંગબેરંગી પુષ્પોનો અલોકીક શણગાર કરવામાં આવેલ જેના દર્શન કરી ભાવિકો ભાવવિભોર બની ગયા હતા. આજના પાવન દિવસે સવારે નવ વાગ્યે સોમનાથ મહાદેવના પ્રતિક રૂપને પાલખીમાં બિરાજમાન કરી ભવ્ય પાલખીયાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રા મંદિર.પરિસરમાં ફરેલ ત્યારે તેમાં બમ બમ ભોલે...હર હર મહાદેવના નાદ સાથે હજારો ભાવિકો આસ્થાભેર જોડાયા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રત્યેક માસિક શિવરાત્રીની પરંપરા અનુસાર ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ દ્વારા સોમનાથ યજ્ઞશાળામાં હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. ભારત દેશના શાંતિ સુખાકારી અને વિકાસની પ્રાર્થના કરી હતી.

### સમુદ્ર કાંઠે સામુહિક પૂજન કરાવ્યુ

આજે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ૩૫૦૦ થી વધુ ભક્તોને પરિવાર સહિત મારુતિ બીચ ખાતે પંચમહાભૂતનો અનુભવ કરાવતી પાર્થેશ્વર મહાપૂજા કરાવવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટના વિઝન સાથે મંદિર ટ્રસ્ટ ઈકો ફ્રેન્ડલી અને ઝીરો વેસ્ટ પૂજા તરીકે પાર્થિવેશ્વર શિવલિંગ પૂજા શ્રદ્ધાળુઓને કરાવે છે. માટીનું બનેલું શિવલિંગ સનાતન ધર્મમાં પ્રકૃતિ પ્રેમ અને સ્વચ્છતા તેમજ ત્યાગનું પ્રતિક હોય વેદોક્ત મંત્રોચાર સાથે પૂજન તો કરાવવામાં આવ્યું જ સાથે સાથે શિવજીને પ્રિય આ શ્લોકોનો ભાવાનુંવાદ કરીને દર્શનાર્થીઓને પૂજા પદ્ધતિની તલસ્પર્શી માહિતી પણ આપવામાં આવી હતી. આ પૂજા નો ભાગ બની હજારો પરિવારો ધન્ય બન્યા હોવાનું ટ્રસ્ટના જીએમ વિજયસિંહ ચાવડાએ જણાવ્યુ હતુ.

### રેકર્ડબ્રેક પૂજાઓ કરવામાં આવી


આજે શિવભક્તિના પાવન દિવસે મહાદેવને રેકર્ડબ્રેક પૂજાઓ ભાવિકો દ્વારા કરવામાં આવી હતી. જેમાં આજના દિવસમાં સોમનાથ મહાદેવની વિશેષ ૧૦૪ સોમેશ્વર મહાપૂજા કરવામાં આવી હતી. આ સાથે ભાવિકોએ મહાદેવને ૬૯ ધ્વજાઓ ચડાવી હતી. શિવજીને અત્યંત પ્રિય રુદ્રાષ્ટાધ્યાય એટલે કે રુદ્રાભિષેકના ૧૯૭૩ પાઠ કરવામાં આવ્યા હતા. ઉપરાંત કુલ પાઠાત્મક ૬૭ લઘુરુદ્ર યજ્ઞ, અને ૯ પાઠાત્મક મહારુદ્ર પણ સંપન્ન થયા હતા. આ સાથે ૭૭ મહાપૂજા સંકલ્પ, ૬૭ મહાદૂધ અભિષેકની સેવા પૂજાઓ કરી હતી.

### ભંડારાઓ ધમધમ્યા

આજના પાવન દિવસે યાત્રાધામ સોમનાથમાં ઊટેલ ભાવિકો માટે જુદી જુદી સંસ્થાઓ દ્વારા ચારેક જેટલા નિશુલ્ક ફળાહારના ભંડારાઓ યોજેલ હતા. જેમાં સ્વયંસેવકો દ્વારા ફરાળી ખીચડી, સુકી ભાજી, ચેવડો, ફ્રુટ સહિતની ખાદ્ય સામગ્રી પ્રસાદી રૂપે વિતરણ કરી હતી. આ ભંડારા સેવાનો હજારોની સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

### વર્ષમાં આજે એક દિવસ જ સોમનાથ મંદીર સળંગ ૪૨ કલાક ખુલ્લુ રહે છે

આજે મહાશિવરાત્રીના પાવન દિવસે સોમનાથ મંદિર સળંગ ૪૨ કલાક સુધી ખુલ્લું રહે છે. જેમાં આજે સવારે ૪ વાગ્યે મંદિરના દ્વાર ખુલ્યા બાદ સમગ્ર રાત્રી દરમ્યાન સોમનાથ મહાદેવને વિશેષ ચાર પ્રહરની મહાપૂજા-આરતી કરવામાં આવે છે. આ પૂજાઓ વર્ષમાં માત્ર મહાશિવરાત્રીના દિવસની રાત્રીના જ થાય છે. જેથી આ ચારેય પ્રહરની મહાપુજાઓમાં મોટી સંખ્યામાં શિવભક્તો દર્શનાર્થે પહોંચે છે.



# નાયબ દંડક દ્વારા મોટી કુંકાવાવ ખાતે અંદાજિત ૨૧૫ લાખ રૂપિયાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ

- **અંદાજિત ૧૨૦ લાખના ખર્ચે તૈયાર થયેલ કુમાર પે સેન્ટર શાળાના નૂતન બિલ્ડીંગનું લોકાર્પણ, ૯૦ લાખથી વધુના ખર્ચે તૈયાર થશે ભક્તિનગર પ્રાથમિક શાળા તેમજ જવાહર ચોક વિસ્તારમાં પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર**




કુંકાવાવ, તા. ૨૭: વિસ્તારના સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, રાજકીય આગેવાનો સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા..

આજરોજ મહાશિવરાત્રીના પાવન પવિત્ર દિવસે કુકાવાવ ખાતે નાયબ મુખ્ય દંડક તથા વિસ્તારના ધારાભ્યશ્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં કુમાર શાળા કુંકાવાવના નૂતન બિલ્ડીંગનું બાળકો અને સારસ્વત પરિવાર તથા ગ્રામજનોની વિશાળ હાજરી વચ્ચે લોકાર્પણ કરવામાં આવ્યું. સાથોસાથ, જવાહર ચોક વિસ્તારમાં વરસાદના પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોઈ વર્ષોથી ચોમાસામાં ખૂબ હાલાકી ભોગવવી પડતી હોય આજરોજ ભૂગર્ભ ગટરમાં કામનું ખાતમહુર્ત પણ કરવામાં આવ્યું હતું.

વિસ્તારમાં વિધાર્થીઓના હિત માટે સતત કાર્યરત શ્રી વેકરીયા દ્વારા અંદાજિત ૮૫ લાખના ખર્ચે ભક્તિનગર પ્રાથમિક શાળાના નવીન બિલ્ડીંગના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. શાળાના સમગ્ર સારસ્વત પરિવાર, ગ્રામજનો અને વિદ્યાર્થીઓની વિશાળ હાજરી વચ્ચે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

આ તકે જીલ્લા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિ શ્રી વિપુલભાઈ રાંક, કુકાવાવ તાલુકા પંચાયત પ્રમુખશ્રી પરષોત્તમભાઈ હિરપરા તથા તાલુકા પંચાયતના હોદેદારો તેમજ સભ્યો, પક્ષના નવ નિયુક્ત પ્રમુખ વિપુલભાઈ વસાણી,તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી ગોપાલભાઈ અંટાળા, શ્રી શૈલેષભાઈ ઠુમ્મર, સરપંચ શ્રી સંજયભાઈ લાખાણી (ફૌજી )તથા સમગ્ર ગ્રામ પંચાયત ટીમ તથા મનોજભાઈ હપાણી, સભ્ય શ્રી તુષારભાઈ ગણાત્રા, પૂર્વ બીઆરસી ઉદયભાઈ દેસાઈ, હાલના બીઆરસી નિરવભાઈ સાવલિયા, રમેશભાઈ આંસોદારીયા,મયુરભાઈ સાનિયા ,ભગાભાઈ કુંજડીયા,શાળાના આચાર્ય દક્ષાબેન તથા સ્ટાફ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓની હરખભેર હાજરી હતી . કુકાવાવ સરપંચશ્રી સંજયભાઈ ની આગેવાનીમાં શ્રી ચંદ્રેશભાઈ ખૂટ તથા બાજક ભાઈ તથા ભાનુબેન અને વનીતાબેન તથા તળભ અધ્યક્ષ સૌએ હરખભેર કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# બ્રહ્માકુમારીઝ બગસરા દ્વારા કુંકાવાવમાં દ્વાદશ જ્યોતિર્લિંગનાં દર્શનનો દ્વિદિવસીય ભવ્ય કાર્યક્રમ યોજાયો

- **કુંકાવાવ મોટી ગામ ખાતે શ્રી નીલકંઠ મહાદેવ (દેવળ)ના સાનિધ્યમા ૧૨ જ્યોતિર્લિંગના દર્શનનું અદ્ભૂત દર્શનનુ પ્રદર્શન**



અમરેલી, તા. ૨૭: અમરેલી જિલ્લાનું કુંકાવાવ મોટી ગામ ખાતે શ્રી નીલકંઠ મહાદેવ (દેવળ) ના સાનિધ્ય મા ઓમ શાંતિ મંડળ બગસરા દ્વારા ૧૨ જ્યોતિર્લિંગ ના દર્શન નું અદ્ભૂત દર્શન નુ પ્રદર્શન કુંકાવાવ મોટી ગામ ને આંગણે મુકવામાં આવ્યું છે તેમની આરતીનો લાભ મળ્યો તેમજ દર્શન પૂજા કરી આજ થી ૨ દીવસ માટે દર્શન ખુલ્લા મુકાયા ગામ લોકો ને આગ્રહપૂર્વક વિનંતી કે શિવરાત્રી ના પાવન પર્વ પર દર્શનનો અચૂક લાભલેવો ઓમ શાંતિ ઓમ હર હર મહાદેવ.

કુંકાવાવમાં બ્રહ્માકુમારીઝ સંસ્થા બગસરા દ્વારા ભવ્ય રીતે મહા શિવરાત્રિના ઉત્સવની અનેરા આનંદ અને ઉત્સાહ સાથે ઉજવણી થઈ રહી છે. આ મહા શિવરાત્રિના પાવન પ્રસંગનું નિલકંઠ મહાદેવ મંદિરના પટાંગણમાં ભવ્ય આયોજન થયું છે. કુંકાવાવ ગામની ધર્મપ્રેમી જનતા આ દ્વિદિવસીય કાર્યક્રમનો વિશેષ લાભ લઈ રહી છે. તા.૨૪ના રોજ શિવસંદેશ સાથે ભવ્ય શોભાયાત્રાનું આયોજન થયું હતું. બ્રહ્માકુમારી રસીલા દીદી તથા મંદિરના પૂજારી હસુભાઈ દવે દ્વારા લીલી ઝંડી આપી શોભાયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

તા.૨૫ના રોજ મહેમાનો સરપંચશ્રી સંજયભાઈ લાખાણી, ડો.રિતેશભાઈ રામાણી, શ્રી હસુભાઈ દવે તથા એડવોકેટ શ્રી યોગેશભાઈની વિશેષ ઉપસ્થિતિમાં દ્વાદશ જ્યોર્લિંગનાં દર્શન ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતા. તા.૨૬ના રોજ અનેક મહેમાનોની ઉપસ્થિતિમાં ત્રણ સમયની મહાઆરતી થશે. કુંકાવાવ તથા આજુબાજુનાં ગામના અનેક લોકો મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દ્વાદશ જ્યોતિર્લિંગનાં દર્શનનો વિશેષ લાભ લઈ રહ્યા છે. બ્રહ્માકુમારીઝ બગસરા દ્વારા આયોજિત આ ભવ્ય કાર્યક્રમ બગસરા સેવા કેન્દ્રનાં મુખ્ય સંચાલિકા રસીલાબેનના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યો છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.27/2/2025 THURSDAY


# નોનવેજનું ઓનલાઈન વેચાણ કરવું ભારે પડ્યું: રાજકોટ મનપા દ્વારા જાહેરનામાનાં ભંગ બદલ પગલાં લેવાયા

■ ૩૫ કિલો જથ્થાનો નાશ કરી રૂ. ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો

રાજકોટ, તા. ૨૭: રાજકોટ મહાપાલિકા દ્વારા મહાશિવરાત્રી અંતર્ગત એક જાહેરનામું બહાર પડાયું હતું. જેમાં આ તહેવાર નિમિતે શહેરના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માસ, મટન, મચ્છી અને ચિકનનું વેંચાણ કે સ્ટોર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. આમ છતાં શહેરનાં વેપારી દ્વારા મીટ-ચિકનનું ઓનલાઈન વેચાણ કરવામાં આવતું હતું. ઝેપ્ટો દ્વારા ઓનલાઈન થતા મીટ-ચીકનના વેચાણની માહિતી મળતા આરોગ્ય વિભાગની ટીમો દોડી ગઈ હતી અને કુલ ૩૫ કિલો જથ્થાનો સ્થળ પરથી નાશ કરવામાં આવ્યો હતો. તેમજ વેપારી પાસેથી રૂ. ૧૦,૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ શહેરનાં ૧૫૦ ફૂટ રિંગરોડ ઉપર આવેલ આર કે આઇકોનિક બિલ્ડીંગનાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ ડ્રોગિરિયા સેલર્સ પ્રાઇવેટ લિમિટેડ નામના ણયાર્જિનાં વેચાણ કેન્દ્ર દ્વારા ચીકન ડિલિવર કરવામાં આવ્યું હતું. મ્યુ. કમિશ્નરનાં જાહેરનામાની ઐસીતૈસી કરી મહાશિવરાત્રીનાં દિવસે પણ નોનવેજનો ઓર્ડર થતા ગ્રાહકને ણયાર્જિની મદદથી ડીલીવરી આપવામાં આવી હતી. આ અંગે મહાનગરપાલિકાને જાણ થતા જાહેરનામાંનો ભંગ કરવા બદલ ત્રાળભ કલમ ૩૩૬ મુજબ વેપારી પાસેથી રૂ. ૧૦,૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. તેમજ ૩૫ કિલો અખાદ્ય વસ્તુનો નાશ કરવામાં આવ્યો હતો.



મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીનાં જણાવ્યા મુજબ આજે મહાશિવરાત્રીનાં તહેવારને લઈ મ્યુ. કમિશ્નર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જેમાં શહેરના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માસ, મટન, મચ્છી અને ચિકનનું વેંચાણ કે સ્ટોર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આમ છતાં આજરોજ સવારે ડ્રોગિરિયા સેલર્સ પ્રાઇવેટ લિમિટેડ નામના Zepto વેચાણ કેન્દ્ર દ્વારા ૪૫૦ ગ્રામ જેટલું ચીકન એક સંસ્થાને ડિલિવર કરાયું હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઈને અમારી ટીમો પહોંચી છે. અને ૩૫ કિલો જેટલા અખાદ્ય જથ્થાનો નાશ કરી વેપારી પાસેથી રૂ. ૧૦,૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. આજે દિવસભર ચેકીંગ કરી જે કોઇ સ્થળે જાહેરનામાનો ભંગ થતો હશે ત્યાં દંડની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રતિવર્ષ મહાશિવરાત્રીએ માંસ, મટન અને મચ્છીના વેચાણ અને પ્રદર્શન પર પ્રતિબંધ હોવાનું જાહેરનામું મ્યુનિસિપલ કમિશ્નર બહાર પાડે છે. પરંતુ આ દિવસે કોર્પોરેશનમાં રજા હોવાથી તેની અમલવારી થતી નથી. જોકે અગાઉ પણ ઝોમેટોમાંથી જ ચિકન વેચાતા ઝડપાયું હતું.






શિવરાત્રીએ શિવજીની શોભાયાત્રા ધ્રોલ શહેરમાં તંબોડેશ્વર મહાદેવ મંદિરથી શિવજીની શોભા યાત્રા કાઢવામાં આવી હતી હિન્દુ સેના દ્વારા બહોળી સંખ્યામાં ગ્રામજનો દ્વારા સતવારા સમાજ અને હિન્દુ સેના પ્રમુખ ગૌરવ ભાઈ મહેતા તથા હિંદુ સેના યુવાનો સાથે જોડાયા હતા. આ વર્ષે દેવાધી દેવ મહાદેવ પહેલીવાર શુસોભિત રથમાં રથયાત્રા કાઢવામાં આવી હતી.

# મહાશિવરાત્રી દરમિયાન પીજીવીસીએલ દ્વારા ગરીબ બાળકોને ગુંદી ગઠિયાનું વિતરણ કરાયું

■ અમરેલી પીજીવીસીએલ દ્વારા મહાશિવરાત્રી પર્વની અનોખી ઉજવણી

અમરેલી, તા. ૨૭: અમરેલી પીજીવીસીએલ દ્વારા મહાશિવરાત્રી પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી છે. એક બાજુ હરહર મહાદેવના નાદ થી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા ત્યારે અમરેલી શહેરના ગરીબ પરિવારના બાળકોની ચિંતા કરી તહેવાર નિમિતે અમરેલી પીજીવીસીએલ અધિક્ષક ઇજનેર પરીખ કાર્યપાલક ઇજનેર એમ.પી દાફડા તેમજ નાયબ કાર્યપાલક નીતિન ભવાની તેમજ રૂરલ સબ ડિવિઝન સ્ટાફ દ્વારા વાડી વિસ્તારમાં અને શહેરથી અલગ રહેતા બાળકોને ભગવાન ભોળાનાથના પ્રસાદ રૂપે ગુંદી ગઠિયાના ૨૦૦ કરતા વધુ પેકેટ બનાવી વિતરણ કરવામાં આવ્યું હતું.





અમરેલી પીજીવીસીએલ દરેક તહેવારો માં ગરીબ બાળકો એકલા પડી ના જાય અને તેઓ પણ દરેક તહેવારો ખુશીથી ઉજવે તેવી અભ્યર્થના સાથે સેવાકિય પ્રવૃતિઓ કરી રહ્યું છે તમામ પીજીવીસીએલ સ્ટાફ દ્વારા આગળ પણ આવા કાર્યો કરશે તેવું જણાવવામાં આવ્યું હતું.

# પોલીસ તંત્રમાં બે માસમાં ૩ રાજીનામા : હવે DYSP રૂહી પાયલાએ પદ છોડયું

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત રાજયમાં એક તરફ ૧૧ હજાર જગ્યાઓ માટે લાખો યુવાનો યુવતીઓ ભરતી થવા તનતોડ મહેનત કરી રહ્યા છે અને બીજી બાજુ સિનિયર પોલીસ અધિકારીઓના ધડાધડ રાજીનામાં પડી રહ્યા છે. માત્ર ૨ મહિનામાં રાજયના ૩ પોલીસ અધિકારીઓએ સરકારને પોતાના રાજીનામાં ધરી દીધા છે.

૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જુનાગઢના એસપી હર્ષદ મહેતાએ અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું આ પછી ૪ ફેબ્રુઆરીએ અભય ચુડાસમાએ અચાનક રાજીનામું આપ્યું હતું, જેનાથી ગુજરાત પોલીસમાં ભારે ચકચાર મચી હતી હવે ડીવાયએસપી રૂહી પાયલાએ રાજીનામું આપી દીધું છે.

ગાંધીનગર પોલીસ ભવન ખાતે પોસ્ટેડ રૂહી પાયલાએ



રાજીનામું આપી પોલીસ વિભાગ અને સરકારનો આભાર માન્યો હતો અને સમાજની સેવા કરવાનો સિલસિલો કાયમ રાખવાની વાત પણ કરી હતી. વર્ષ ૨૦૧૭માં પાલનપુરના કાણોદરની રૂહી પાયલાની ડીવાયએસપી તરીકે જીપીએસસી દ્વારા પસંદગી થઈ હતી.

પોલીસ વિભાગની અગત્યની પોસ્ટ અને અગત્યના હોદ્દા પરથી માત્ર ૨ જ મહિનાના સમયમાં ૩ જેટલા પોલીસ અધિકારીઓના રાજીનામાંએ પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે, પોલીસ વિભાગના ઉચ્ચ હોદ્દા પરથી થઈ રહેલા રાજીનામાં વિષે કોઈ નક્કર કારણ અધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવતું નથી.ગુજરાત રાજયમાં એક તરફ ૧૧ હજાર જગ્યાઓ માટે લાખો યુવાનો યુવતીઓ ભરતી થવા તનતોડ મહેનત કરી રહ્યા છે અને બીજી બાજુ સિનિયર પોલીસ અધિકારીઓના ધડાધડ રાજીનામાં પડી રહ્યા છે. માત્ર ૨ મહિનામાં રાજયના ૩ પોલીસ અધિકારીઓએ સરકારને પોતાના રાજીનામાં ધરી દીધા છે. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જુનાગઢના એસપી હર્ષદ મહેતાએ અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું આ પછી ૪ ફેબ્રુઆરીએ અભય ચુડાસમાએ અચાનક રાજીનામું આપ્યું હતું, જેનાથી ગુજરાત પોલીસમાં ભારે ચકચાર મચી હતી હવે ડીવાયએસપી રૂહી પાયલાએ રાજીનામું આપી દીધું છે.

## ગેસ રિફિલિંગ કૌભાંડનો પર્દાફાશ

# જેલમાંથી છૂટ્યા બાદ દુકાનદારે ગણતરી સમયમાં પુનઃ ગેસરીફિલિંગ શરૂ કરી દીધું

### અંકલેશ્વર લક્ષ્મણ નગરમાંથી ૧૮ સિલિન્ડર સાથે દુકાનદાર ઝડપી પાડ્યો

અંકલેશ્વર ના લક્ષ્મણ નગરમાંથી ૧૮ સિલિન્ડર સાથે દુકાનદાર ઝડપી પાડ્યો હતો. લોકોના જીવ પર જોખમ ઊભું કરી મોટી બોટલ માંથી નાની બોટલ માં ગેસ રિફીલિંગ કરાઈ રહ્યું હતું. ચોક્કસ માહિતી આધારે એસ.ઓ. જી પોલીસે દરોડા પાડી ઝડપી પાડ્યું હતું. જેલમાંથી મુક્ત થતાં જદુકાનદાર એ ગણતરી સમય માં પુનઃ ગેસરીફીલીંગ શરુ કર્યું હોવાનોવિડીયો વાયરલ થયો હતો.


ભરૂચ એસ ઓ જી પોલીસે અંકલેશ્વર લક્ષ્મણ નગર વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફિલિંગ કૌભાંડ નો પર્દાફાશ કર્યો છે.એસઓજી પોલીસ ને બાતમી મળી હતી કે સારંગપુર ગામના લક્ષ્મણ નગર માં શાક માર્કેટ પાસે સુર્યા મેન્સવે નામની દુકાનમાં ગેરકાયદેસર ગેસ રિફિલિંગ ચાલે છે. આ માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.દરોડા પાડી દુકાનદાર ને રંગેહાથ ગેસ રિફિલિંગકરતા ઝડપી પાડ્યો હતો. અને પોલીસે સ્થળ પરથી ૧૮ ગેસ સિલિન્ડર, વજન કાંટો અને રિફિલિંગ પાઈપ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે લક્ષ્મણ નગર મહાકાળી મંદિરની બાજુમાં રહેતા રોશનલાલ ઉર્ફે મારવાડી મીઠાલાલ ખત્રીની ધરપકડ કરી હતી.ચિંતાજનક બાબત એ છે કે પોલીસના વારંવારના દરોડા છતાં આ પ્રવૃત્તિ અટકતી નથી. ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો, ત્યાં જ બીજા દિવસે સવારે ફરી ગેસ રિફિલિંગ ની પ્રવૃત્તિ શરૂ થઈ હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.

# વકિલોની સર્વોચ્ચ માતૃ સંસ્થા રવિવારે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના હોદેદારોની ચુંટણી

રાજકોટ : તા.૦૧/૦૩/૨૦૨૫ના રવિવારે સમગ્ર ભારતના વકિલોની માતૃ સંસ્થા બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ચેરમેન, વાઈસ ચેરમેન, એકઝયુકયુટીવ કમીટી સહિતના હોદા માટે ચુંટણીમાં જેમણે હોદામાં નોમીનેશન કરવુ હોય તેને ૨૮, ફેબ્રુઆરીના ૧૧ થી ૩ કલાકે ભરવાનું રહેશે. શનીવારે એક માર્ચ કેન્ડીડેટ ૧૧ થી ૩ વચ્ચે વિડ્રો કરી શકશે. બે માર્ચના રોજ ૧૧ વાગે ચેરમેન, વાઈસ ચેરમેન, એકઝયુકયુટીવ કમીટી સહિતના હોદા માટે ચુંટણી જાહેર કરવામાં આવેલ છે તેમ બાર કાઉન્સીલ ઓફ મેમ્બર દીલીપભાઈ પટેલે જણાવેલ છે.

બી.સી.આઈ.ના નીયમ મુજબ એક કરતા વધારે ઉમેદવારો હોય તો ચુંટણીના દીવસે બેલેટ પેપર્સ તૈયાર કરવામાં આવેશે. કોઈ પણ પોસ્ટ માટે માત્ર એક ઉમેદવાર હશે તો બેલેટ પેપરની આવશ્યકતા રહેશે નહી. આ ચુંટણી પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરવામાં આવશે. બે માર્ચના રોજ મળેલ બેઠકમાં



સભ્ય માટે રીડીંગ ઓફિસરને ઓફિસની નિમણુક કરવામાં આવશે. અન્ય હોદા માટે ચુંટણી ચુંટાયેલ ચેરમેન દ્વારા નામાંકિત કોઈ પણ વ્યકિત દ્વારા હાથ ધરવામાં આવશે. બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ચુંટણીના નીયમો અને નીયમનું પાલન સુનીશ્ચિત કરીને ચુંટણી પારદર્શક અને ન્યાયીક રીતે પાર કરવામાં આવશે. બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયામાં ચુંટણીઓ થઈ રહેલ હોય. સમગ્ર ભારત બાર કાઉન્સીલઓના સભ્યોની નજર કોણ હોદેદારો બનશે, કોણ ચુંટાશે તેના ઉપર લાગી રહેલ છે.

# આજે, ''વિશ્વ એન.જી.ઓ દિવસ''

## દાન એ સર્વોચ્ચ ગુણ છે અને તે મહાન માધ્યમ છે જેના દ્વારા માનવજાત પર ભગવાનની દયા થાય છે – કોનરેડ એન. હિલ્ટન

દર વર્ષે ૨૭મી ફેબ્રુઆરીએ ''વિશ્વ એન.જી.ઓ દિવસ'' ઉજવવામાં આવે છે. આ દિવસ મુખ્યત્વે તમામ બિન-સરકારી અને બિનનફાકારક સંસ્થાઓ અને તેમની પાછળનાં લોકો કે જેઓ આખું વર્ષ સમાજમાં યોગદાન આપે છે તેમને ઓળખવા અને સન્માન આપવા માટે સમર્પિત છે. પ્રથમ ''વિશ્વ એન.જી.ઓ દિવસ'' ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવ્યો હતો, જો કે પછીથી તેને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી. એન.જી.ઓ એ સ્થાનિક, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળે છે. યુનાઈટેડ નેશન્સ ચાર્ટરની કલમ ૭૧ મુજબ એન.જી.ઓને ''સરકારી પ્રભાવથી સ્વતંત્ર અને નફા માટે નથી'' એવી કોઈપણ સંસ્થા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તબીબી સહાય, નાણાકીય સેવાઓ, પર્યાવરણીય સંશોધન, શૈક્ષણિક




સહાય અને કટોકટી સમયે એન.જી.ઓ વિવિધ પ્રકારની સેવાઓ પ્રદાન કરે છે. તે આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય તેવા તમામ ક્ષેત્રોમાં મહત્વનો ભાગ ભજવે છે. સહયોગ અને નવીનતા દ્વારા ઉત્તેજિત, એન.જી.ઓ સ્વયંસેવકો દ્વારા વિકાસ કરે છે. જો કે, એન.જી.ઓ શહેરો માટે અદભૂત રોજગાર અને આર્થિક લાભો પણ પ્રદાન કરે છે. આ દિવસ સખત મહેનત અને નિઃસ્વાર્થ સેવા પર વિચાર કરવાની તક આપે છે. વર્તમાન સમયમાં લાખો સ્વયંસેવકો, સામાજિક કાર્યકરો સમાજને તેમની સેવાઓ પ્રદાન કરે છે અને એક સ્વસ્થ સમાજનાં નિર્માણમાં મહત્વનો ફાળો આપે છે. કોરોના મહામારીનાં સમયે, લોકડાઉન વખતે પણ જયારે આખો દેશ શાંત હતો ત્યારે એન.જી.ઓ જ હતાં જે પૂર્ણપણે સક્રિય હતાં અને સમાજ સેવા તરફ અગ્રેસર હતાં. આવી સંસ્થાઓ નિસ્વાર્થ ભાવે લોકોની સેવામાં સતત કાર્યરત હોય છે અને આ રીતે દેશનાં વિકાસમાં મદદરૂપ થાય છે.

# રૂપિયામાં તીવ્ર કડાકો નીચામાં રૂ.૮૭.૨૫નું તળિયું દેખાયુ

મુંબઈ મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ સ્પ્રિંગની જેમ ઉછળી રૂ.૮૭ની સપાટી કુદાવી ગયા હતા. ડોલર ઉછળતાં રૂપિયો નવા નીચા તળિયે ઉતરી ગયો હતો. ડોલરનાભાવ રૂ.૮૬.૭૧ વાળા આજે સવારે રૂ.૮૬.૮૬ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૬.૮૫ થઈ ત્યારબાદ ભાવ ઉછળી ઉંચામાં રૂ.૮૭ પાર કરી રૂ.૮૭.૨૫ સુધી ઉંચકાઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૭.૧૯ રહ્યા હતા. ડોલરના ભાવ ૪૮ પૈસા વધી જતાં રૂપિયો આજે ૦.૫૫ ટકા ગબડયો હતો. દેશમાંથી ડોલરનો આઉટફલો વધી રહ્યાના વાવડ વચ્ચે રૂપિયા પર દબાણ વધ્યાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. મહિનાનો અંત નજીક હોતાં આજે ડોલરમાં ખાસ કરીને આયાતકારોની લેવાલી વિશેષ જોવા મળી હતી. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા છાશવારે ટેરીફ-ટેરીફનું ગાણું ગવાતું રહેતાં દેશ-વિદેશના કરન્સી બજારોમાં તાજેતરમાં વ્યાપક ઉથલપાથલ જોવા મળી છે.વાયદા બજારમાં નજીકની ડિલીવરીમાં એક્સપાયરી નજીક આવતાં વેચાણો કાપવાના સ્વરૂપમાં પણ ડોલરમાં લેવાલી વધ્યાનીજ ચર્ચા હતી. ડોલરના ભાવ ઝડપી ઉછળતાં હવે રિઝર્વ બેન્ક સરકારી બેન્કો મારફત કદાચ બજારમાં ડોલર વેંચવા આવશે એવી શક્યતા પણ જામકારો બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ નજીકના દિવસોમાં ઉંચામાં ૮૭.૪૦ તથા નીચામાં ૮૬.૮૫ વચ્ચે રહ્યાનો અંદાજ જાણકારો બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ આજે ઝડપી વધતાં રૂપિયામાં એક દિવસીય કડાકામાં પાછલા ૩ સપ્તાહનો રેકોર્ડ તુટયો હતો. આયાતકારોનું હેજીંગ તથા એનડીએફની એક્સપાયરીની અસર પણ કરન્સી બજારમાં રૂપિયા પર નેગેટીવ જોવા મળી હતી. રૂપિયો તૂટતાં દેશમાં



## દેશમાંથી ડોલરનો આઉટફલો વધતાં તથા ઈમ્પોર્ટરો ડોલર ખરીદવા નિકળતાંઃ બ્રિટીશ પાઉન્ડ ઉછળી રૂ.૧૧૦ પાર કરી ગયો યુરોએ રૂ.૯૧ની સપાટી કુદાવી રિઝર્વ બેન્ક હવે ડોલર વેંચવા નિકળશે એવી ચર્ચાતી વાતો

આયાત થતી સોના-ચાંદી તથા ક્રૂડતેલ સહિતની વિવિધ ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ વધતાં હવે ફુગાવો તથા મોંઘવારી વધુ લવધવાની ભીતિ જાણકારો બતાવી રહ્યા હતા.આ પૂર્વે સરકાર દ્વારા આયાતકારો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર ઘટાડવામાં આવ્યા હતા અને તેના પગલે વિવિધ આયાતી ચીજોની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી ઘટી હતી. અને હવે પ્રવાહો પલ્ટાયા છે. દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે નીચામાં ૧૦૬.૫૬ તથા ઉંચામાં ૧૦૬.૭૯ થઈ ૧૦૬.૬૫ રહ્યાના નિર્દેશો હતા.

મુંબઈ બજારમાં બ્રિટીશ પાઉન્ડના ભાવ બાવન પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૧૦ પાર કરી રૂ.૧૧૦.૧૭ થઈ છેલ્લે ભાવ રૂ.૧૧૦.૧૦ રહ્યા હતા. યુરોપીયુન કરન્સી યુરોના ભાવ ૫૫ પૈસા વધી ઉંચામાં રૂ.૯૧.૩૭ થઈ છેલ્લે ભાવ રૂ.૯૧.૩૫ રહ્યા હતા. જાપાનની કરન્સી ૦.૬૯ ટકા વધી હતી જયારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૩૭ ટકા પ્લસમાં રહી હતી. આ પૂર્વે સરકરે ૨૧મી ફેબ્રુઆરી અમલમાં આવે એ રીતે આયાતકારો માટે ડોલર કસ્ટમ એક્સચેન્જના દર રૂ.૮૮.૪૦થી ઘટાડી રૂ.૮૭.૭૫ કર્યા હતા અને હવે ખુલ્લા બજારમાં રૂપિયો તૂટતાં સરકાર આયાતકારો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર ફરી વધારશે એવી શક્યતા બજારમાં ચર્ચાઈ રહી હતી.

# માર્ચ મહિનામાં બેંકો ૧૪ દિવસ બંધ રહેશે




### ૫ રવિવાર અને ૨ શનિવાર સિવાય, ૭ દિવસ સુધી અલગ અલગ સ્થળોએ કામકાજ નહીં થાય

નવી દિલ્હીઃમાર્ચ મહિનામાં, વિવિધ રાજ્યો અને શહેરોમાં કુલ ૧૪ દિવસ બેંકો બંધ રહેશે. ૫ રવિવાર અને બીજા-ચોથા શનિવાર સિવાય, વિવિધ સ્થળોએ બેંકો ૭ દિવસ બંધ રહેશે. આવતા મહિને બે મોટા તહેવારો છે જેમ કે ૧૪ માર્ચે હોળી અને ૩૧ માર્ચે ઈદ-ઉલ-ફિત્ર.


આવી સ્થિતિમાં, જો તમને આવતા મહિને બેંક સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કામ હોય, તો તમે આ રજાઓ સિવાય બેંકમાં જઈ શકો છો.બેંક રજાઓ હોવા છતાં, તમે ઓનલાઈન બેંકિંગ અને એટીએમ દ્વારા પૈસાની લેવડદેવડ કરી શકો છો અથવા અન્ય કામ કરી શકો છો. બેંક રજાઓથી આ સુવિધાઓ પ્રભાવિત થશે નહીં.માર્ચ ૨૦૨૫માં ૧૨ દિવસ સુધી શેરબજારમાં કોઈ ટ્રેડિંગ થશે નહીં. શનિવાર અને રવિવારે ૧૦ દિવસ સુધી કોઈ ટ્રેડિંગ થશે નહીં. આ ઉપરાંત, ૧૪ માર્ચે હોળી અને ૩૧ માર્ચે ઈદ-ઉલ-ફિત્રના દિવસે પણ શેરબજાર બંધ રહેશે.

# શેરબજારની મંદીઃ ૩૫ વર્ષના ઈતિહાસમાં બીજા નંબરની સૌથી લાંબી મંદી

શેરબજારમાં કેટલાંક વખતથી ચાલી રહેલી તીવ્ર મંદીથી ઓપરેટરો-બ્રોકરો તથા ઈન્વેસ્ટરોમાં સન્નાટો પ્રસરી ગયો જ છે. છેલ્લા ત્રણ દાયકાથી પાંચમાં નંબરની સૌથી લાંબી મંદી છે. ઉપરાંત ૩૦ વર્ષનો બીજા નંબરનો સૌથી મોટો માસીક ઘટાડો રહે તેમ છે.

નેશનલ સ્ટોક એકસચેંજના નીફટીની શરૂઆત ૧૯૯૦ માં થઈ હતી અને ત્યારપછી સળંગ પાંચ કે તેવી વધુ મહિના નિફટીમાં માસીક ઘટાડો થયાનું ૩૦ વર્ષનાં ઈતિહાસમાં માત્ર બે વખત જ બન્યુ છે. છેલ્લા પાંચ મહિનામાં નિફટીમાં ૧૨.૬ ટકાનો ઘટાડો થયો છે.

સપ્ટેમ્બર ૨૦૨૪ માં નિફટી ૨૫૮૧૧ ના સર્વોચ્ચ સ્તરે હતો અને ત્યાંથી ડાઉન ટ્રેન્ડ શરૂ થઈ ગયો હતો તે હજુ ચાલુ જ છે. છેલ્લા પાંચ મહિનાની ગણતરી કરવામાં આવે તો નિફટીના દર પાંચમાંથી એકમાં ૨૮ ટકા કે તેથી વધુનો ઘટાડો નોંધાયો છે.



ટ્રેન્ટ અદાણી એન્ટરપ્રાઈઝ, એશીયન પેઈન્ટસ, ભારત પેટ્રોલીયમ,હિરો મોટો, બજાજ ઓટો, ટાટા મોટર્સ જેવા જાણીતાં શેરો ૩૧ થી ૩૩ ટકા ગગડયા છે.હિન્દ લીવર ૨૪ ટકા, આઈટીસી ૨૨ ટકા, રીલાયન્સ ૧૮ ટકા જેવા ગગડયા છે.

એક રાહતની વાત એ છે કે અગાઊની લાંબી મંદીમાં માર્કેટ જે રીતે ઘટયુ હતું તેની સરખામણીએ આ વખતનો ઘટાડો પ્રમાણમાં ઓછો છે.સપ્ટેમ્બર ૧૯૯૪ થી એપ્રિલ ૧૯૯૫ વખતની ૮ મહિનાની મંદીમાં માર્કેટ ૩૧.૪ ટકા ઘસી ગયુ હતું.આ પછી જુલાઈ-નવેમ્બર ૧૯૯૬ ની પાંચ માસની મંદીમાં ૨૬ ટકાનો ઘટાડો હતો. ૧૯૯૦-૯૧ ૧૯૮ તથા ૨૦૦૧ ૪-૪ મહિના લાંબી મંદીમાં ૨૧ થી ૨૮ ટકાનો ઘટાડો હતો.તેની સરખામણીએ આ વખતે માર્કેટ ૧૨.૬ ટકા ઘટયુ છે.

શેરબજારની મંદીનું મુખ્ય કારણ ટેરીફવોર છે અને વૈશ્વિક અર્થતંત્ર પર તેનો પ્રત્યાઘાત થઈ શકે છે.અનિશ્ચિતતાભર્યા માહોલને કારણે હજુ આવતા ટુંકા ગાળામાં સ્થિતિ સુધરે તેમ નથી. આ સિવાય વિદેશી નાણા સંસ્થાઓની બેફામ વેચવાલી જવાબદાર છે.

ચાલુ કેલેન્ડર વર્ષમાં જ ૧.૩ લાખ કરોડનો માલ ફુંકી માર્યો છે.યુદ્ધ ભૌગોલીક ટેન્શન, અર્થતંત્રની ચિંતા, મોંઘવારી જેવા કારણો પણ મોઢુ ફાડીને ઉભા જ છે.શેરબજારમાં સળંગ મંદી બાદ હવે ટ્રેન્ડ કેવો રહેશે તેના પર ઈન્વેસ્ટરોથી માંડીને નિષ્ણાંતોની નજર છે.ટેકનીકલ ચાર્ટીસ્ટો અમુક લેવલને અગત્યનાં ગણે છે.

# ગુજરાતના ચાર નવજાત શિશુને વેંચી દેવાયા : ગેંગ ઝબ્બે

## અમદાવાદની મહિલાની સંડોવણી : છુટાછેડા લીધેલી યુવતિ સુત્રધાર – પાંચ એજન્ટો પણ ઝબ્બે : ૨ થી ૪.૫૦ લાખમાં જન્મજાત શિશુઓને વેચાયાનો ધડાકો

હૈદરાબાદ,તા.૨૬
ગુજરાતમાંથી નવજાત શિશુઓને ઉઠાવીને વેચી નાખવાના આંતર રાજ્ય રેકેટનો પર્દાફાશ થયો છે. ગુજરાતમાંથી ચાર નવજાતને વેચી દેવાયા હતા. હૈદરાબાદમાંથી મહિલા મેડીકલ રીપ્રેઝન્ટીવ સહીતની ગેંગની ધરપકડ કરવામાં આવી હતી.

અમદાવાદની મહિલાની સંડોવણી પણ બહાર આવી છે. નવજાત શિશુઓને વેચી નાખવાના આ રેકેટમાં બે મહિનાથી પણ ઓછી ઉંમરના ચાર શિશુઓને બચાવી લેવામાં આવ્યા હતા. આ ચારેય શિશુઓને ગુજરાતમાંથી ઉઠાવીને આંધ્રપ્રદેશ તથા તેલંગાણાનાં નિઃસંતાન દંપતિઓને રૂા.૨ થી ૪.૫૦ લાખની કિંમતે વેચી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ચોંકાવનારા પ્રકરણમાં મુખ્ય સુત્રધાર કોલા ક્રિશ્નાવેણી ઉપરાંત પાંચ એજન્ટ તથા બાળકો ખરીદનારા પાંચ દંપતીની ધરપકડ કરવામાં આવી



છે.આઘાતજનક બાબત એ છે કે, સંતાન નહિં થઈ શકતા રેકેટની સુત્રધાર યુવતીને તેના પતિએ અગાઉ છુટાછેડા આપી દીધા હતા. ગત વર્ષે પણ સમાન કૌભાંડમાં તેની ધરપકડ થઈ હતી અને બાદમાં જામીન પર છૂટકારો થયો હતો.પોલીસના સુત્રોએ કહ્યું કે, છુટાછેડા બાદ એકલી રહેતી આ યુવતી પાસે એકાદ વર્ષ પૂર્વે નિ;સંતાન દંપતીએ બાળક દતક લેવા માટે મદદ માંગી હતી. આ દરમ્યાન દિલ્હીનાં મનોજ નામના શખ્સ સાથે સોશ્યલ મીડીયા મારફત સંપર્ક થયો હતો તેણે પાંચ લાખમાં બાળક આપવાની ઓફર કરી હતી.આ શખ્સ આવતા જ તેની ધરપકડ થઈ હતી. જામીન મુકત થયા બાદ તેઓએ બાળ તસ્કરીનો ધંધો ચાલુ રાખ્યો હતો. અમદાવાદની વંદના નામની મહિલાનો સંપર્ક થયો હતો. તેણે બાળકો પહોંચાડવાની ઓફર કરી હતી.સાગ્રીતો મારફત ત્રણ શીશુ આપ્યા હતા જે નિઃસંતાન દંપતીને વેંચી દેવાયા હતા. મંગળવારે વંદનાના બે સાગ્રીતો વધુ એક શીશુ સાથે હૈદરાબાદ પહોંચ્યા હતા ત્યારે પૂર્વ બાતમીનાં આધારે પકડી લેવાયા હતા અને તેનાં આધારે અન્યોની ધરપકડ થઈ હતી.

ચારેય શિશુઓનું વેચાણ ચાલૂ મહિનામાં જ થયાનું બહાર આવ્યું છે.અગાઉ કેટલા બાળકોની લે-વેચ કરી હતી તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.ગુજરાતમાંથી નવજાત શિશુઓને ઉઠાવીને વેચી નાખવાના આંતર રાજ્ય રેકેટનો પર્દાફાશ થયો છે. ગુજરાતમાંથી ચાર નવજાતને વેચી દેવાયા હતા. હૈદરાબાદમાંથી મહિલા મેડીકલ રીપ્રેઝન્ટીવ સહીતની ગેંગની ધરપકડ કરવામાં આવી હતી.


અમદાવાદની મહિલાની સંડોવણી પણ બહાર આવી છે. નવજાત શિશુઓને વેચી નાખવાના આ રેકેટમાં બે મહિનાથી પણ ઓછી ઉંમરના ચાર શિશુઓને બચાવી લેવામાં આવ્યા હતા. આ ચારેય શિશુઓને ગુજરાતમાંથી ઉઠાવીને આંધ્રપ્રદેશ તથા તેલંગાણાનાં નિઃસંતાન દંપતિઓને રૂા.૨ થી ૪.૫૦ લાખની કિંમતે વેચી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ચોંકાવનારા પ્રકરણમાં મુખ્ય સુત્રધાર કોલા ક્રિશ્નાવેણી ઉપરાંત પાંચ એજન્ટ તથા બાળકો ખરીદનારા પાંચ દંપતીની ધરપકડ કરવામાં આવી છે.આઘાતજનક બાબત એ છે કે, સંતાન નહિં થઈ શકતા રેકેટની સુત્રધાર યુવતીને તેના પતિએ અગાઉ છુટાછેડા આપી દીધા હતા. ગત વર્ષે પણ સમાન કૌભાંડમાં તેની ધરપકડ થઈ હતી અને બાદમાં જામીન પર છૂટકારો થયો હતો.પોલીસના સુત્રોએ કહ્યું કે, છુટાછેડા બાદ એકલી રહેતી આ યુવતી પાસે એકાદ વર્ષ પૂર્વે નિ;સંતાન દંપતીએ બાળક દતક લેવા માટે મદદ માંગી હતી. આ દરમ્યાન દિલ્હીનાં મનોજ નામના શખ્સ સાથે સોશ્યલ મીડીયા મારફત સંપર્ક થયો હતો તેણે પાંચ લાખમાં બાળક આપવાની ઓફર કરી હતી.આ શખ્સ આવતા જ તેની ધરપકડ થઈ હતી.

# ધો.૧૦--૧૨ની પરીક્ષાના તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવતા ઉદય કાનગડ

## સ્વસ્થ અને શાંત ચિતે પુરી એકાગ્રતાથી પરીક્ષા ખંડમાં પેપર લખો અને પરિણામની ચિંતા કર્યા વગર શ્રેષ્ઠ દેખાવ કરો, સફળતા તમારા કદમ ચુમશે

રાજકોટઃ વિધાનસભા-૬૮, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડએ આવતીકાલ તા.૨૭/૦૨/૨૦૨૫થી ધો. ૧૦ અને ધો.૧૨ની પરીક્ષાઓ ચાલુ થઈ રહી છે ત્યારે તમામ પરીક્ષાર્થીઓને ઉજ્જવળ ભાવિની શુભેચ્છા પાઠવતા જણાવેલ છે કે ધો. ૧૦ અને ધો. ૧૨ એ કારકીર્દીના માઈલસ્ટોન સમા વર્ષ છે, ત્યારે ગોખણીયા જ્ઞાનની બદલે સખત મહેનત

અને વિષય પરત્વેનું તલસ્પર્શી જ્ઞાન જ વિદ્યાર્થીને પરીક્ષામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરવામાં કામ આવે છે. કોઈ એક પેપરમાં જો અપેક્ષા મુજબ દેખાવ ન કરી શકીએ તો જરાય હિંમત હાર્યા વગર બીજા પેપરની પૂરી તૈયારી કરી આત્મવિશ્વાસ સાથે પરીક્ષારૂપી રણભુમિમાં આપણે સર્વોતમ દેખાવ કરીને ઉત્કૃષ્ટ દેખાવ કરવાનો છે.કારણકે કોઈ એક નબળુ પેપર કે નબળો દિવસ



એ આખરી પરીણામ નથી માત્ર એક સ્પીડબ્રેકર છે.

મહાભારતમાં એક પ્રસંગ છે અભિમન્યુ વધની સંધ્યાએ અર્જુન જયદ્રથવધની ભીષણ પ્રતિજ્ઞા લે છે ત્યારે તે જ રાત્રે વિશ્વના શ્રેષ્ઠ ધનુર્ધર અર્જુનથી ભયભીત થઈને જયદ્રથ ગુરૂ દ્રોણાચાર્યને પુછે છે કે અમે બધાએ તમારી પાસેથી શસ્ત્ર વિદ્યાની શિક્ષા લીધેલ છે પરંતુ અર્જુન કેમ સૌથી ચડીયાતો છે. ત્યારે ઉતર આપતા દ્રોણાચાર્યએ જણાવ્યું કે, મે તો તમામ શિષ્યોને સમાન ભાવ દાખવીને શિક્ષા આપી પરંતુ અન્ય શિષ્યો મારી શિક્ષાથી સંતુષ્ઠ થઈને સિમિત રહી ગયા, પરંતુ અર્જુન સંતુષ્ઠ ન થયો તેણે આકરી મહેનત કરીને ધનુવિદ્યાને પોતાના જીવનની આધારશિલા બનાવી અને વિશ્વનો શ્રેષ્ઠ ધર્નુધર થયો. આમ કોઈ વિદ્યાર્થી તેમના રસ-રૂચિ અનુસારના વિષયમાં સતત અપડેટ રહીને પોતાના ભવિષ્યની કેડી કંડારે તો ચોકસ સફળતાને વરે છે.

દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પરિક્ષા પે ચર્ચા' કાર્યક્રમ દ્વારા દરેક વિદ્યાર્થીને સફળતાનો મંત્ર આપેલ છે ત્યારે દરેક વિદ્યાર્થી અનન્ય છે, કોઈની સરખામણી અન્ય સાથે થઈ ન શકે. તમારી જિંદગી, તમારું ભવિષ્ય અને તમારી ખુશી તમારા માતા-પિતા, પરિવારજનો માટે સૌથી મહત્વની છે. કેટલુ વાંચ્યુ અને કરતા કેટલુ યાદ રહયું એ વધારે મહત્વનું છે. પરીક્ષાના સમયે વાંચન ઓછુ અને મનન વધારે કરો. લેખન નો મહાવરો કરો, સમયાંતરે હળવો, પોષ્ટીક આહાર, પૂરતી ઉંઘ, હળવો વ્યાયામ કરો અને સ્વસ્થ ચિતે પુરી એકાગ્રતાથી પરીક્ષા ખંડમાં પેપર લખો. પરિણામની ચિંતા કર્યા વગર શ્રેષ્ઠ દેખાવ, તેમજ ધો. ૧૦ અને ધો. ૧૨ના તમામ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉજ્જવળ દેખાવ કરી આગામી વર્ષોમાં દેશ,દુનિયા અને પોતાના ગામ-શહેરનું નામ રોશન કરી દેશની વિકાસગાથામાં સહભાગી બને એમ અંતમાં ધો.૧૦ અને ધો.૧૨ના તમામ પરીક્ષાર્થીઓને ઉજ્જવળ ભાવિની શુભેચ્છા પાઠવતા ઉદય કાનગડએ જણાવેલ હતું.

## રાજકોટના બે પરિવારને લૂંટેરી દુલ્હન ગેંગનો ભેટો રૂા.૩.૪૩ લાખની છેતરપિંડી

લૂંટેરી દુલ્હન લગ્ન વાચ્છુકોને ફસાવી નાણા કે દાગીના તફડાવી ફરાર થઈ જતી હોવાનો બનાવો અવાર-નવાર સામે આવતા રહે છે. ત્યારે વધુ એક બનાવમાં રાજકોટના બે પરિવારને લૂંટેરી દુલ્હન ગેંગનો ભેટો થઈ જતા રૂા.૩.૪૩ લાખની છેતરપીંડી થયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટમાં રાધિકા સોસાયટી-૧માં રહેતા જાગૃતિબેન રમેશભાઈ સલાટ (ઉ.વ.૪૦)એ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુરતના વિજય મહેશભાઈ ધકાણ, મહારાષ્ટ્રના નાગપુરના જીતેન્દ્ર ફૂલીચંદ રોકડે, કોમલબેન રાહુલભાઈ શાહ, અનુષ્કા શ્યામચરણ રાઉત, મયુરીબેન ગણેશભાઈ બોરકરના નામ આપ્યા છે.

# સોનાની આયાતમાં બે દાયકાનો કડાકો

**ચાલુ ફેબ્રુઆરી મહિનામાં વિક્રમી ભાવથી ખરીદીમાં ઓટ, ફેબ્રુઆરી ૨૦૨૪ના ૧૦૩ ટનની સામે ચાલુ વર્ષે આયાત ૮૫ ટકા ઘટી ૧૫ ટન !**

અમદાવાદ,તા.૨૬

વૈશ્વિક સ્તરે ગોલ્ડના ઊંચા ભાવને પરિણામે વર્તમાન મહિનાની ભારતની સોનાની આયાત વાર્ષિક ધોરણે ૮૫ ટકા જેટલી નીચી રહ્યાનું પ્રાપ્ત પ્રારંભિક ડેટા પરથી જણાય છે. ફેબ્રુઆરીની આયાત વીસ વર્ષના તળિયે જોવા મળી રહી હોવાનું વાણિજય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. ફેબ્રુઆરી ૨૦૨૪માં ૧૦૩ ટનની સામે વર્તમાન વર્ષના આ મહિનામાં સોનાની આયાત ૧૫ ટન જેટલી રહ્યાનો અંદાજ છે, જે છેલ્લા બે દાયકામાં કોઈ એક મહિનાની સૌથી નીચી આયાત છે.

જાન્યુઆરીની ગોલ્ડ આયાત વોલ્યુમની દ્રષ્ટિએ ૩૫ ટનથી ઓછી રહી છે જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ ૨.૬૮ અબજ ડોલર સાથે ડિસેમ્બરની સરખામણીએ ૪૩ ટકા નીચી રહી હતી. વિશ્વમાં સોનાના બીજા મોટા આયાતકાર દેશ ભારતમાં ગોલ્ડની નીચી આયાતથી વેપાર ખાધ અંકૂશમાં રાખવામાં મદદ મળશે એટલું જ નહીં ડોલર સામે રૂપિયાને વધુ નબળો પડતો અટકી શકશે એવો પણ મત વ્યકત કરવામાં આવી રહ્યો છે. ભૌગોલિક રાજકીય અશાંતિને કારણે ૨૦૨૪માં મોટાભાગની વૈશ્વિક કેન્દ્રીય બેન્કો દ્વારા સોનાની નોંધપાત્ર ખરીદી રહી હતી જેને કારણે સોનાના ભાવમાં વિક્રમી ઉછાળો જોવા મળ્યો હતો. વર્તમાન સપ્તાહમાં સોનાના ઔંસ દીઠ ભાવ ઉછળી ૨૯૫૬ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચ્યા હતા. ઊંચા ભાવને કારણે ભારતના ટ્રેડરો તથા જ્વેલર્સ દ્વારા ખરીદી ધીમી પડી છે. ભાવ ઊંચા જળવાઈ રહેશે તો ભારત દ્વારા ખરીદીમાં વધુ ઘટાડો જોવા મળવા સંભવ હોવાનું પણ સુત્રોએ ઉમેર્યું હતું.

વૈશ્વિક ઊંચા ભાવને પરિણામે ઘરઆંગણે પણ દસ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૮૬૫૯૦ સાથે વિક્રમી સપાટીએ પહોંચી ગયા હતા. ૨૦૨૪માં દેશની ગોલ્ડ માગ ઊંચી રહ્યા બાદ વર્તમાન વર્ષમાં તેમાં ઘટાડો જોવા મળવાની સંભાવના છે.



૨૬ તારીખના પ્રયાગરાજમાં પવિત્ર અંતિમ સ્નાનમાં આસ્થાની ડૂબકી લગાવતા જિલ્લા ભાજપ અગ્રણી રાજાભાઈ ચાવડા (૧૦૮)



# ધો.૧૦-૧૨ની પરીક્ષા શરૂ


## ગુજરાત શિક્ષણ બોર્ડના ૧૪.30 લાખ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવીની કસોટીઃ રાજકોટ સહિતના તમામ જિલ્લા મથકો પર કન્ટ્રોલ રૂમ ધમધમ્યા

રાજકોટ,તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે તા.૨૭ને ગુરૂવારથી ધો.૧૦ અને ધો.૧૨ (સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. રાજકોટ શહેર જિલ્લાના ૭૮૪૩૦ સહિત રાજયમાં ૧૪.૩૦ લાખ વિદ્યાર્થીઓ શૈક્ષણિક ભાવીની આ કસોટીમાં બેસનાર છે. જેમાં સૌરાષ્ટ્રના ૩.૪૦ લાખ થી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ધો.૧૦ અને ધો.૧૨ની આ પરીક્ષા સંદર્ભે રાજયના તમામ જિલ્લા મથકો પર આજથી કન્ટ્રોલ રૂમોને ધમધમતા કરી દેવામાં આવ્યા છે. આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં અને સુચારુ રૂપથી લેવાય તે માટે તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. આ પરીક્ષાનો પ્રારંભ થતાની સાથે જ રાજયભરમાં પરીક્ષા ફીવર છવાઈ જશે.શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે તમામ પરીક્ષા કેન્દ્રો પર પશ્ચાતાપ પેટી મુકવામાં આવશે. જેમાં ગેરરીતિનું સાહિત્ય પધરાવવાનું રહેશે. આવતીકાલે પરીક્ષાના પ્રથમ દિવસે તમામ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનો કુમકુમ તિલકથી સ્વાગત કરી તેઓના મોં મીઠા કરાવવામાં આવશે. પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને પરીક્ષા સમય કરતા અડધો-પોણો કલાક વહેલા કેન્દ્રો પર પહોંચી જવા માટે તાકીદ કરવામાં આવેલ છે. આ પરીક્ષાને આડે હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા હોય વિદ્યાર્થીઓ છેલ્લી ઘડીના રિવીઝનની તૈયારીઓમાં વ્યસ્ત બની ગયા છે. વિદ્યાર્થીઓ પોતાના કેન્દ્રો પર પોતાની બેઠક વ્યવસ્થા નિહાળી કે તે માટે આજે પરીક્ષા કેન્દ્રોને ખુલ્લા મુકવામાં આવેલ છે. આ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે લેવાઈ તે માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. આજે સાંજ સુધીમાં તમામ જીલ્લા મથકો પર બોર્ડ દ્વારા નિયુક્ત કરાયેલ ફલાઈંગ સ્કવોડ પહોંચી જશે. અહી એ ઉલ્લેખનીય છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા મથકો પર અગાઉથી જ પ્રશ્નપત્રો અને જરૂરી સાહિત્ય પહોંચાડી દેવામાં આવ્યું હતું. તેમજ પરીક્ષા બાદ ધો.૧૦ અને ધો.૧૨નું પરિણામ પણ વહેલાસર આવી શકે તે માટે પેપર તપાસણીના ઓર્ડરો પણ ઈસ્યુ કરી દેવામાં આવેલ છે. બોર્ડના વિદ્યાર્થીઓની વોલટીકીટની સાથે જ પેપર તપાસણીના શિક્ષકોના ઓર્ડરો બોર્ડ વેબસાઈટ પર જ મુકી દેવામાં આવેલ હતા. કાલથી પરીક્ષાનો પ્રારંભ થતાની સાથે જ પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં અધિક કલેકટરના જાહેરનામાનો પણ અમલ શરૂ થઈ જશે જેમાં પરીક્ષા કેન્દ્રો વિસ્તારમાં ચાર થી વધુ વ્યક્તિઓને એકત્રીત થવા પર પ્રથમ પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં મોબાઈલ સહિતના ઈલેકટ્રોનીક ઉપકરણો પણ સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા ખંડોમાં મોબાઈલ સાથે રાખનાર વિદ્યાર્થીઓ તેમજ કોપીકેસ ગેરરીતિમાં ઝડપાનાર વિદ્યાર્થીઓ માટે કડક સજાની જોગવાઈ શિક્ષણ બોર્ડ દ્વારા કરી દેવામાં આવી છે.

# વિકૃતિઓથી દેશને બચાવવાનું દાયિત્વ યુવાશક્તિ નિભાવે : મુખ્યમંત્રી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુવાનોમાં સંસ્કાર સિંચનના મહાકુંભ ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા ૨૦૨૫નો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યોઃ સેવ કલ્ચર - સેવ ભારત ફાઉન્ડેશન અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન**



ગાંધીનગર,તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુવાશક્તિમાં સંસ્કાર સિંચનના મહાકુંભ સમાન ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા ૨૦૨૫નો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. યુવાશક્તિને આપણા સાંસ્કૃતિક મૂલ્યોના જતન સંવર્ધન જાળવવા અને વિકૃતિઓથી બચાવવાના આહવાન સાથે આ વક્તૃત્વ સ્પર્ધાનું પસેવ કલ્ચર, સેવ ભારતથ ફાઉન્ડેશન અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની બધી જ સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે શરૂ થઈ રહેલી આ સાંસ્કૃતિ વક્તૃત્વ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, આપણા બાળકો અને યુવાનોમાં ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો પુનઃ ઉજાગર થાય તે સમયની માંગ છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સાંસ્કૃતિક નવ જાગરણનો યુગ ચાલી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કૃતિને જાળવવાનું અને વિસ્તારવાનું કાર્ય કર્યું છે. વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતના નિર્માણ માટે સંસ્કૃતિ અને વિરાસતોની ધરોહરોની જાળવણી સાથે નવિકાસ ભી, વિરાસત ભીસ્ત્રનું વિઝન આપ્યું છે. વિરાસતોના જતન સાથે સાંસ્કૃતિક મૂલ્ય નિષ્ઠાનું સંસ્કાર સિંચન યુવાઓમાં કરીને યુવાશક્તિના સહારે વિકસિત ભારત-૨૦૪૭નો તેમનો સંકલ્પ છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે યુવાઓને આહવાન કર્યું કે, વિકસિત ભારતના નિર્માણમાં તેમનો ફાળો વિશેષ રહેવાનો છે ત્યારે મૂલ્યનિષ્ઠા અને સંસ્કૃતિના વાહક બનીને હાલની વિકૃતિઓ બદીઓના પડકારોથી દેશ અને રાજ્યને બચાવવાનું દાયિત્વ યુવાશક્તિ ઉપાડે. આ માટે યુવાનોમાં ચેતના જાગૃત કરવામાં પસેવ કલ્ચર, સેવ ભારતથ ફાઉન્ડેશનના સરાહનીય પ્રયાસોને તેમણે સમયાનુકૂલ ગણાવીને અભિનંદન પાઠવ્યા હતા. આ ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પધામાં ચારિત્ર નિર્માણથી રાષ્ટ્રનિર્માણ, સંવિધાન - ૭૫, યુવનોઃ દેશનું ભવિષ્ય -- વિકૃતિઓથી બચીને સંસ્કારો તરફ વળીએ, માન-મર્યાદા અને સુશીલતાઃ ભારતીય સંસ્કૃતિનો પાયો તેમજ વિકસિત ભારત ૨૦૪૭ઃ ભવ્ય ભારત -- દિવ્ય ભારત જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. એટલું જ નહિ, આ સ્પર્ધામાં કોલેજ સ્તર, ઝોન સ્તર અને રાજ્ય સ્તર એમ ત્રી-સ્તરીય સ્પર્ધાઓ છે.

# દેશમાં મેન્ગ્રૂવ વાવેતરમાં ગુજરાત નંબર-વન

**દરિયાકાંઠાના વિસ્તારોમાં પમિષ્ટીથ યોજના હેઠળ બે વર્ષમાં ૧૯,૦૨૦ હેક્ટર વાવેતરમાં મેન્ગ્રૂવનું વાવેતર કરાયું : વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલ**

ગાંધીનગર,તા.૨૬

કેન્દ્ર સરકાર દ્વારા દેશના દરિયાકિનારાનાં વિસ્તારોમાં ચેર(મેન્ગ્રૂવ)નાં વૃક્ષોના વાવેતર તથા તેના આધારે ઈકો ટૂરિઝમને વિકસાવવા માટે અમલી પમિષ્ટીથ યોજના અંતર્ગત રાજ્યમાં થયેલી કામગીરીની વિગતો આપતાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે આ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં રૂ.૭૬.૫૫ના ખર્ચે રાજયના આશરે ૧૯,૦૨૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રૂવ વાવેતર સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે.



આ અંગેની વિગતો આપતાં મંત્રીએ જણાવ્યું કે ગુજરાતનો દરિયાકાંઠો અન્ય રાજ્યોની સરખામણીમાં વધારે ઊંચી ભરતીના લીધે વધુ સંવેદનશીલ છે. કેન્દ્ર સરકારના એક અભ્યાસ મુજબ રાજ્યનો ૫૩ ટકા જેટલો દરિયાકાંઠો સ્થિર કક્ષામાં આવે છે, જ્યારે ૨૭.૬ ટકા દરિયાકાંઠે ધોવાણની શક્યતાઓ છે અને ૧૯.૪ ટકા દરિયાકાંઠા વિસ્તારમાં કાંપ ભેગો થવાનો અંદાજ છે. કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં દરિયાકિનારાનાં રાજ્યો તથા કેન્દ્રશાસિત વિસ્તારોમાં ચેર (મેન્ગ્રૂવ) વાવેતર, મેન્ગ્રૂવ વિસ્તારોનું મેપિંગ,મેન્ગ્રૂવ વિસ્તારોની ભૌગોલિક તથા હાઇડ્રોલોજી સ્થિતિ ચકાસવી,નર્સરી સ્થાપના, જનજાગૃતિ કાર્યક્રમો, તાલીમ અને સંશોધન, મોનિટરિંગ તથા ઈકો ટૂરિઝમ સ્થળો વિકસાવવા અંગેની મિસ્ટી યોજના અમલમાં છે તેમ, મંત્રીએ ઉમેર્યું હતું.

રાજ્યમાં મિષ્ટી યોજનાની વિગતો આપતાં મંત્રી પટેલે જણાવ્યું કે તા. ૫મી જૂન, ૨૦૨૩ના રોજ પર્યાવરણ દિન નિમિત્તે તમામ રાજ્યોમાં આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં પણ દ્વારકા ખાતેથી આ સોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પટેલે ઉમેર્યું કે ચેરનાં વૃક્ષો દરિયાકાંઠે ધોવાણ અટકાવવા એક ગ્રીન દીવાલનું કામ કરે છે અને તે માછલીઓના બ્રિડિંગ માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તે રીતે સાગરખેડૂ પરિવારોની રોજગારીમાં મહત્ત્વનો ફાળો આપે છે. વાવાઝોડા સમયે દરિયાકાંઠાને બચાવવા તેમજ ખારાશ વધતી અટકાવવામાં પણ ચેરનાં જંગલોનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. જે આ વિસ્તારની કૃષિ માટે પણ મહત્ત્વપૂર્ણ છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા પાંચ વર્ષમાં આશરે ૫૪૦ ચો.કિ.મી.માં ચેર વાવેતરના અપાયેલાં લક્ષ્યાંક સામે રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં ૭૬.૫૫ કરોડનાં ખર્ચે ૧૯,૦૨૦ હેક્ટર(આશરે ૧૯૦.૨ ચો. કિમી) વિસ્તારમાં વાવેતર પૂર્ણ કરી દેશમાં પ્રથમ ક્રમે હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું.

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



**પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા**

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

**(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ**

**જયારે કાંઈ ન હોય ત્યારે ધૈર્યની પરીક્ષા થાય છે અને જયારે બધું હોય છે ત્યારે વ્યવહારની પરીક્ષા થાય છે. કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**



7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

Since 2003
RAVI ENGLISH INSTITUTE ®

A/C Class

# Ravi ENGLISH INSTITUTE

*Where Growth is A Way of Life*

## SPOKEN ENGLISH

# અંગ્રેજી આટલું સરળ?

## એક વખત અચૂક મુલાકાત લો...

Learn English Language with
**MONEY BACK GUARANTEE...**

### અમારી વિશિષ્ટતાઓ...

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- **ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.**
- દરેક બેચમાં **મર્યાદીત સંખ્યા** અને **વ્યકિતગત માર્ગદર્શન.**
- ડેઈલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
- **પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.**
- **૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.**
- જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વક્તા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
- આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..



**૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી**

ત્રણ દિવસ **ફ્રિ સેમિનાર**

ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...

**: હેડ ઓફીસ :** Mo.98793 29391
"શ્રી હરિ કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.

**: બ્રાન્ચ ઓફીસ :** Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.


Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11


SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper

ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...







મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062